ગુરૂવાર, 12 ફેબ્રુઆરી, 2026 મહા વદ દસમ
“વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર”
ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ❋ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ❋ RNI NO : GJGUJ/25/A1447 ❋ Vist : www.dailypulse.org.in
રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ❋ Follow : @dailypulsenews24 ❋ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ❋ કિંમત : મફત

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૧૫મીએ વડોદરામાં શિવજી કી સવારી અને મહાઆરતીમાં આપશે હાજરી

**વડોદરા**: કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આગામી ૧૫મી ફેબ્રુઆરીથી ગુજરાતના ત્રણ દિવસીય પ્રવાસે આવી રહ્યા છે. આ પ્રવાસ દરમિયાન તેઓ વડોદરામાં મહાશિવરાત્રિની ભવ્ય ઉજવણી અને ગાંધીનગરમાં રાષ્ટ્રીય કક્ષાની મહત્વની પરિષદમાં સહભાગી થશે.

વડોદરામાં શિવજી કી સવારીની તૈયારીઓ: ૧૫ ફેબ્રુઆરીએ વડોદરામાં "સત્યમ શિવમ સુંદરમ" પરિવાર દ્વારા આયોજિત 'શિવજી કી સવારી'માં અમિત શાહ મુખ્ય મહેમાન તરીકે હાજર રહેશે. આ શોભાયાત્રા બપોરે ૧:૩૦ વાગ્યે શરૂ થઈ રાત્રે ૧૦ વાગ્યા સુધી શહેરના રાજમાર્ગો પર ફરશે. યાત્રાનું મુખ્ય આકર્ષણ સુરસાગર તળાવ ખાતે થનારી મહાઆરતી રહેશે. આ કાર્યક્રમને આખરી ઓપ આપવા માટે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ, એડિશનલ પોલીસ કમિશનર લીના પાટીલ અને ધારાસભ્ય યોગેશ પટેલે રૂટનું નિરીક્ષણ કર્યું હતું. તંત્ર દ્વારા રૂટ પર આવતા દબાણો હટાવવાની કામગીરી અને હેરિટેજ ઇમારતો પર વિશેષ લાઇટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. સુરક્ષાની દ્રષ્ટિએ સુરસાગર તળાવમાં ફાયર બ્રિગેડની છ બોટ સતત પેટ્રોલીંગ કરશે. ટ્રાફિક અને સુરક્ષા વ્યવસ્થા: અમિત શાહના આગમન અને લાખોની મેદનીને ધ્યાનમાં રાખીને વડોદરા પોલીસે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. શહેરના મુખ્ય ૧૯ સ્થળોએ નો-પાર્કિંગ ઝોન અને ૩૪ રસ્તાઓ પર વાહનો માટે પ્રવેશબંધી જાહેર કરાઈ છે. પોલીસ કમિશનરે વીજ નિગમ, એસએસજી હોસ્પિટલ અને કલેક્ટર કચેરીના અધિકારીઓ સાથે બેઠક કરી ઇન્ટર એજન્સી કોઓર્ડિનેશનની સમીક્ષા કરી છે.

ગાંધીનગરમાં સહકાર મંત્રીઓની રાષ્ટ્રીય પરિષદ: વડોદરા બાદ ૧૭ અને ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ અમિત શાહ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ઉપસ્થિત રહેશે. અહીં ભારત સરકારના સહકાર મંત્રાલય દ્વારા તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓની બીજી રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ જૂન ૨૦૨૫માં દિલ્હી ખાતે મળેલી પ્રથમ પરિષદના નિર્ણયોની અમલવારીની સમીક્ષા આ બેઠકમાં કરવામાં આવશે. આ પરિષદમાં સહકારી ક્ષેત્રને પાયાના સ્તરે મજબૂત કરવા, પેક્સ (PACS) ના સુધારા અને ભવિષ્યની નીતિઓ અંગે મહત્વના નિર્ણયો લેવામાં આવશે. ભારત સરકારના આ પગલાથી દેશભરમાં સહકારી આંદોલનને નવી દિશા મળશે તેવી અપેક્ષા છે.

**ગૃહમંત્રીના આ વ્યસ્ત કાર્યક્રમોને પગલે વડોદરા અને ગાંધીનગર બંને શહેરોમાં વહીવટી તંત્ર હાઈ એલર્ટ પર છે.**



**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૧૫મી ફેબ્રુઆરીથી ગુજરાતના મહેમાન બનશે. તેઓ વડોદરામાં મહાશિવરાત્રિ નિમિત્તે નીકળનારી 'શિવજી કી સવારી' અને સુરસાગર ખાતેની મહાઆરતીમાં ખાસ ઉપસ્થિત રહેશે. ત્યારબાદ ૧૭-૧૮ ફેબ્રુઆરીએ તેઓ ગાંધીનગરમાં યોજાનારી સહકાર મંત્રીઓની રાષ્ટ્રીય પરિષદમાં હાજરી આપશે.**

## કમાટીબાગમાં એક્ઝિટ સહીનો નવો નિયમ: મુલાકાતીઓમાં રોષ

**દૈનિક પલ્સ સમાચાર:** શહેરના ફેફસા ગણાતા કમાટીબાગ (સયાજીબાગ) માં મુલાકાતીઓ માટે વહીવટી તંત્ર દ્વારા નવા નિયમો લાગુ કરવામાં આવ્યા છે. અગાઉ માત્ર પ્રવેશ વખતે નામની નોંધણી કરવાની હતી, પરંતુ હવે બહાર નીકળતી વખતે પણ એક્ઝિટ સહી કરવી અનિવાર્ય બની છે. મુલાકાતીઓએ આ નવી કવાયતને બિનજરૂરી ગણાવીને વિરોધ કર્યો છે, કારણ કે કમાટીબાગમાં પાંચ અલગ-અલગ ગેટ છે અને મુલાકાતી જે ગેટથી પ્રવેશે ત્યાંથી જ બહાર નીકળે તે નક્કી હોતું નથી. આ ઉપરાંત, આ નિયમમાં સવારના મોર્નિંગ વોકર્સને મુક્તિ અપાઈ છે, પરંતુ સામાન્ય મુલાકાતીઓ માટે સ્ટાફની અછત વચ્ચે આ પ્રક્રિયા સમયનો બગાડ સાબિત થઈ રહી છે. બીજી તરફ, કેવડાબાગમાં પણ વિવાદ સર્જાયો છે. સામાજિક પ્રસંગો માટે જાણીતા આ બાગમાં અચાનક ફોટોશૂટ બંધ કરાયું છે. સૂત્રો મુજબ, એક સ્થાનિક કોર્પોરેટરે સિક્યુરિટીને કડક આદેશ આપ્યો છે કે કોઈને પણ ફોટોશૂટની મંજૂરી આપવી નહીં. આ ફતવાને કારણે પ્રોફેશનલ ફોટોગ્રાફર્સ અને નાગરિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.




## કોટંબી સ્ટેડિયમ વિવાદ: BCA સામે વાઘોડિયા કોર્ટે જારી કરી નોટિસ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના કોટંબી ખાતે તૈયાર થયેલા નવા ક્રિકેટ સ્ટેડિયમ માટે રસ્તો બનાવવાના વિવાદમાં બરોડા ક્રિકેટ એસોસિએશન (BCA) મુશ્કેલીમાં મુકાયું છે. કોટંબીના સ્થાનિક ખેડૂત સુરેશભાઈ પ્રભાતભાઈ વસાવાએ વાઘોડિયા કોર્ટમાં કરેલી રજૂઆત બાદ અદાલતે બીસીએના વહીવટકર્તાઓ વિરુદ્ધ નોટિસ જારી કરી છે. ખેડૂતનો આક્ષેપ છે કે સ્ટેડિયમ સુધી પહોંચવા માટે કોઈ કાયદેસરનો રસ્તો ન હોવાથી ખાનગી એજન્સીઓ અને બીસીએના સભ્યો તેમની ખેતીની જમીન હડપવાનો પ્રયાસ કરી રહ્યા છે. અગાઉ વાઘોડિયા કોર્ટે આ જમીન પર કોઈ પણ પ્રકારનું બાંધકામ કે રસ્તો ન બનાવવા મનાઈ હુકમ આપ્યો હતો. જોકે, આદેશનું ઉલ્લંઘન કરી રાત્રિના અંધારામાં બાઉન્સરો અને જેસીબીની મદદથી ખેતરમાં રસ્તો બનાવી દેવામાં આવ્યો હતો. ખેડૂત જ્યારે જરોદ પોલીસ મથકે રજૂઆત કરવા પહોંચ્યા ત્યારે તેમને ત્યાં બેસાડી રાખીને રસ્તો બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હોવાનો પણ આક્ષેપ છે. આ મામલે આજે વાઘોડિયા કોર્ટે બીસીએના વહીવટી કર્તા અને સાઈ ઇન્ફ્રાના ભાગીદારને સમન્સ પાઠવી કોર્ટમાં હાજર રહેવા જણાવ્યું છે. ખેડૂતે પોતાની માલિકીની જમીન પર થયેલા અતિક્રમણ સામે ન્યાયની માંગ કરી છે.




**વડોદરાના કોટંબી ક્રિકેટ સ્ટેડિયમ જવાનો રસ્તો મનાઈ હુકમ છતાં ખેડૂતના ખેતરમાંથી રાતોરાત બનાવી દેવાતા વિવાદ વકર્યો છે. વાઘોડિયા કોર્ટે આ મામલે ગંભીર નોંધ લઈ બરોડા ક્રિકેટ એસોસિએશન (BCA) અને અન્ય પક્ષકારોને નોટિસ જારી કરી હાજર રહેવા આદેશ કર્યો છે.**

## નવાયાર્ડમાં ડ્રેનેજ લાઈન માટે ચાર દિવસ પહેલાં બનેલો નવો રોડ તોડાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં પાલિકાની અણઘડ કામગીરીનો નમૂનો જોવા મળ્યો છે. સરસ્વતીનગર સોસાયટીમાં લાંબા સમયથી ગંદા પાણીની સમસ્યા હતી, જેના માટે ડ્રેનેજ લાઇન અને નવા રોડનું ખાતમુહૂર્ત કરાયું હતું. જોકે, ડ્રેનેજ લાઇનનું જોડાણ હજુ મુખ્ય લાઇન સાથે થયું ન હતું, તે પહેલા જ અધિકારીઓએ ઉત્સાહમાં આવીને આખો રસ્તો બનાવી દીધો હતો. આ બાબતે વોર્ડ-1 ના કાઉન્સિલર પુષ્પાબેન વાઘેલાએ સ્પષ્ટ સૂચના આપી હતી કે કામ પૂર્ણ થયા વગર રસ્તો ન બનાવવો. તેમ છતાં, રાજકીય ખેંચતાણ અને દબાણને વશ થઈને રસ્તો તૈયાર કરી દેવાયો. રવિવારે જ્યારે ડ્રેનેજ લાઇન ઉભરાઈ અને ગટરના પાણી લોકોના ડ્રોઈંગ રૂમ સુધી પહોંચી ગયા, ત્યારે તંત્રને પોતાની ભૂલ સમજાઈ હતી. પરિણામે, માત્ર 4 દિવસ જૂના રસ્તાને જેસીબી વડે ખોદી નાખવામાં આવ્યો હતો.

સ્થાનિક લોકોએ રોડની નબળી ગુણવત્તાનો પણ વિરોધ કર્યો હતો અને રોડના પોપડા ઉખાડીને પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો.

**વડોદરાના નવાયાર્ડમાં પાલિકાની મોટી બેદરકારી સામે આવી છે. સરસ્વતીનગરમાં ડ્રેનેજ લાઇનનું કામ પૂર્ણ થાય તે પહેલા જ નવો રોડ બનાવી દેવાયો હતો. પરિણામે, લોકોના ઘરમાં ગટરના પાણી ઘૂસતા માત્ર 4 દિવસમાં જ નવો રોડ તોડવાની નોબત આવી છે.**




એક તરફ પાલિકા નાણાકીય કટોકટીની વાતો કરે છે અને બીજી તરફ આવા આયોજન વગરના કામોને લીધે પ્રજાની તિજોરી પર આર્થિક ભારણ વધારી રહી છે. આ ઘટનાએ પાલિકાના એન્જિનિયરિંગ વિભાગ અને કોન્ટ્રાક્ટર વચ્ચેના તાલમેલના અભાવને ખુલ્લો પાડ્યો છે.

## વડોદરા તરસાલી ITI ખાતે ભરતી મેળો: ૧૩૦ જગ્યાઓ પર તક

**દૈનિક પલ્સ સમાચાર:** જિલ્લાના શિક્ષિત બેરોજગાર યુવાનોને ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તકો પૂરી પાડવાના ઉમદા હેતુથી મદદનીશ રોજગાર નિયામકની કચેરી, વડોદરા દ્વારા એક વિશેષ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળો 12 ફેબ્રુઆરી, 2026 ના રોજ તરસાલીમાં આવેલી ITI ના કેમ્પસમાં સવારે 10:30 કલાકે યોજાશે.

આ ભરતી મેળામાં વિવિધ ઔદ્યોગિક એકમો દ્વારા ટેકનિકલ અને નોન-ટેકનિકલ કેડરની આશરે 130 જેટલી ખાલી જગ્યાઓ ભરવા માટે ઇન્ટરવ્યુ લેવામાં આવશે. જેમાં SSC, HSC પાસ ઉમેદવારો ઉપરાંત ITI ના વિવિધ ટ્રેડ જેવા કે ઇલેક્ટ્રિકલ, મિકેનિકલ, વેલ્ડર અને ફિટરના તાલીમાર્થીઓ ભાગ લઈ શકશે. આ સાથે જ ડિપ્લોમા, BE અને B.Tech (સિવિલ, ઇલેક્ટ્રિકલ, મિકેનિકલ, કેમિકલ) અને કોઈપણ વિદ્યાશાખાના સ્નાતકો માટે પણ રોજગારીની તક ઉપલબ્ધ છે. 18 થી 35 વર્ષની વયના લાયક ઉમેદવારોએ પોતાના 3 નંગ બાયોડેટા સાથે હાજર રહેવા સૂચના આપવામાં આવી છે.

માત્ર ભરતી જ નહીં, પરંતુ ઉમેદવારોના સર્વાંગી વિકાસ માટે રોજગારલક્ષી માર્ગદર્શન પણ આપવામાં આવશે. જેમાં વિદેશમાં રોજગાર અને શિક્ષણ માટે સેફ લીગલ માઇગ્રેશન, પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના (PMVBRY), અને સ્વરોજગાર માટેની લોન સહાય યોજનાઓની વિસ્તૃત જાણકારી આપવામાં આવશે. ઉમેદવારો અનુબંધમ અને NCS પોર્ટલનો મહત્તમ ઉપયોગ કેવી રીતે કરી શકે તે અંગે પણ તજજ્ઞો દ્વારા માર્ગદર્શન અપાશે. આ ભરતી મેળો સંપૂર્ણપણે નિ:શુલ્ક છે અને ઉમેદવારોએ પોતાની પસંદગી પ્રક્રિયા માટે સ્વ-ખર્ચે હાજર રહેવાનું રહેશે. વડોદરાના યુવાનો માટે કારકિર્દી ઘડવાની આ એક શ્રેષ્ઠ તક સાબિત થશે.

**વડોદરાના તરસાલી સ્થિત ITI કેમ્પસમાં 12 ફેબ્રુઆરીએ સવારે 10:30 કલાકે રોજગાર ભરતી મેળો યોજાશે. 130 જેટલી ટેકનિકલ અને નોન-ટેકનિકલ જગ્યાઓ માટે પસંદગી કરવામાં આવશે. રસ ધરાવતા 18 થી 35 વર્ષના ઉમેદવારોએ 3 બાયોડેટા સાથે હાજર રહેવું.**

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના, સમાચાર અથવા વ્યવસાયની જાહેરાત આપવા માટે આજે જ અમારો સંપર્ક કરો. ૯૯૦૯૯૧૧૧૭૫

# સુરત કોંગ્રેસમાં આંતરિક જૂથબંધી વકરી: મહામંત્રી પર જીવલેણ હુમલો

## સુરત કોંગ્રેસમાં લોહિયાળ જંગ: મહામંત્રીને ૬ ટાંકા આવ્યા

**દૈનિક પલ્સ સમાચાર:** દક્ષિણ ગુજરાતના આર્થિક પાટનગર સુરતમાં કોંગ્રેસ પક્ષમાં જૂથબંધી અને અંગત વિવાદોએ વરવું સ્વરૂપ ધારણ કર્યું છે. પાંડેસરા વિસ્તારમાં કોંગ્રેસના બે કદાવર હોદ્દેદારો વચ્ચે ચાલતી પૈસાની ખેંચતાણનો અંત લોહિયાળ જંગમાં આવ્યો છે. શહેર કોંગ્રેસના મહામંત્રી અવનીશ તિવારી પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે, જેમાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી છે.

મળતી વિગતો અનુસાર, છેલ્લા ચાર દિવસથી શહેર મહામંત્રી અવનીશ તિવારી અને ચોર્યાસી વિધાનસભા યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ પ્રિન્સ પાંડે વચ્ચે પૈસાની લેતીદેતી બાબતે તણાવ ચાલતો હતો. અવનીશે પોતાના આપેલા નાણાં પરત માંગતા બંને વચ્ચે ટેલિફોનિક ગાળાગાળી પણ થઈ હતી. મામલો ઉગ્ર બનતા શહેર પ્રમુખ વિપુલ ઉધનાવાલાએ મધ્યસ્થી કરી અવનીશને સમાધાન માટે પ્રિન્સ પાસે જવા સૂચન કર્યું હતું.

માફી માંગવા ગયા અને લોહીલુહાણ થયા: અવનીશ તિવારીના જણાવ્યા મુજબ, તેઓ પક્ષના આદેશનું માન રાખીને માફી માંગવા અને વિવાદ ઉકેલવા પ્રિન્સ પાંડે પાસે પહોંચ્યા હતા. જોકે, ત્યાં સ્થિતિ અલગ જ હતી. પ્રિન્સ પાંડે તેના ૧૫ જેટલા સાગરીતો સાથે લોખંડના સળિયા અને લાકડાના ફટકા લઈને પહેલેથી જ તૈયાર ઉભો હતો. જેવી રીતે અવનીશ ત્યાં પહોંચ્યા, કે તરત જ આ ટોળાએ તેમના પર હિંસક હુમલો કરી દીધો. આ આચનક થયેલા હુમલામાં અવનીશને બચવાની તક મળી નહોતી અને તેમને માથાના ભાગે સળિયાના ફટકા વાગતા ગંભીર ઈજાઓ થઈ હતી.

ઈજાગ્રસ્ત અવનીશ તિવારીને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમને માથામાં ૬ ટાંકા લેવા પડ્યા છે. ઘટનાની ગંભીરતા જોતા પાંડેસરા પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે પીડિતની ફરિયાદના આધારે પ્રિન્સ પાંડે અને તેના તમામ સાથીદારો વિરુદ્ધ રાયોટિંગ અને હુમલાની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. આ ઘટનાને પગલે સુરત કોંગ્રેસની છબીને મોટો ફટકો પડ્યો છે. જાહેરમાં સળિયા વડે થયેલી આ મારામારીએ સાબિત કર્યું છે કે પક્ષમાં શિસ્તનો અભાવ વર્તાઈ રહ્યો છે. સ્થાનિક રાજકારણમાં આ વિષય 'ટોક ઓફ ધ ટાઉન' બન્યો છે. જ્યારે સામાન્ય જનતા રક્ષણની અપેક્ષા રાખતી હોય, ત્યારે પક્ષના જ જવાબદાર નેતાઓ રસ્તા પર સળિયા લઈને બાખડતા જોવા મળે તે ચિંતાનો વિષય છે. હવે પ્રદેશ કોંગ્રેસ આ મામલે કેવા આકરા પગલાં લે છે તે જોવું રહ્યું.




**સુરતના પાંડેસરામાં કોંગ્રેસના બે હોદ્દેદારો વચ્ચે પૈસાની લેતીદેતીમાં લોહિયાળ જંગ ખેલાયો છે. યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ પ્રિન્સ પાંડે અને ૧૫ સાગરીતોએ શહેર મહામંત્રી અવનીશ તિવારી પર સળિયા વડે હુમલો કરતા તેમને માથામાં ૬ ટાંકા આવ્યા છે.**

# વડોદરામાં અશુદ્ધ ખોરાક વેચતા છ વેપારીઓને લાખોનો દંડ ફટકારાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ રોકવા માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર સક્રિય થયું છે. તાજેતરમાં જિલ્લા એડ્જ્યુડીકેટીંગ ઓફિસરની કોર્ટે ખાદ્ય સુરક્ષાના કાયદાના ઉલ્લંઘન બદલ 6 વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી હાથ ધરી છે. જેમાં કુલ 1.95 લાખનો દંડ વસૂલવાનો આદેશ કરાયો છે.

તપાસ દરમિયાન સાવલીની ડેઝી પ્રોડક્ટ પ્રા.લી.ના 'રિફાઈન્ડ વેજીટેબલ ફેટ'ના નમૂના ફેઇલ જતાં તેને સૌથી વધુ 85,000 નો દંડ કરાયો છે. તેવી જ રીતે, કરજણ તાલુકાના બામણગામમાં પેકેજ્ડ ડ્રિંકિંગ વોટરમાં ગેરરીતિ બદલ પારેખ ઇન્ડસ્ટ્રીઝને 30,000 નો દંડ ફટકારવામાં આવ્યો છે. હોટલ ઉદ્યોગમાં પણ તપાસનો દોર ચાલ્યો હતો, જેમાં ભરથાણાની લે નંદિની હોટલને શાકના નબળા નમૂના બદલ 40,000 નો દંડ થયો છે. ગામડાના વિસ્તારોમાં પણ જ્યુસ સેન્ટરોમાં તપાસ હાથ ધરાઈ હતી, જેમાં વાઘોડિયા અને અમોદરના વેપારીઓને મેંગો મિલ્કશેકમાં ભેળસેળ બદલ દંડ થયો છે. તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનાર કોઈ પણ એકમ સામે કડક પગલાં લેવામાં આવશે. આ ઝુંબેશ આગામી દિવસોમાં વધુ તેજ બનશે, જેથી ગ્રાહકોને છેતરાતા અટકાવી શકાય.



**વડોદરામાં સબસ્ટાન્ડર્ડ અને મિસબ્રાન્ડેડ ખાદ્ય પદાર્થો વેચતા 6 વેપારીઓને કલેક્ટર કોર્ટે 1.95 લાખનો દંડ ફટકાર્યો છે.**

# વાડી-ગેંડીગેટ રોડ પરથી પાલિકાએ દબાણો દૂર કર્યા

**દૈનિક પલ્સ સમાચાર:** શહેરના જૂના વિસ્તારમાં દબાણોની વધતી સમસ્યા વચ્ચે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની વોર્ડ 14 ની ટીમે ગેંડીગેટથી વાડી સ્વામિનારાયણ મંદિર સુધીના માર્ગ પર મોટું ઓપરેશન હાથ ધર્યું હતું. વર્ષો અગાઉ આ માર્ગ પર જમીન સંપાદન કરવામાં આવ્યું હતું, છતાં સ્થાનિકો દ્વારા ઓટલા બનાવી અને સામાન મૂકીને રસ્તો સાંકડો કરી દેવામાં આવ્યો હતો.

કાઉન્સિલરોની રજૂઆત અને મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની વોર્ડ ઓફિસની મુલાકાત બાદ તંત્ર હરકતમાં આવ્યું છે. ટીમે રોડ પરથી 20 જેટલા કાચા-પાકા ઓટલા તોડી પાડ્યા હતા અને લારી-ગલ્લા સહિત 3 ટ્રક જેટલો સામાન જપ્ત કર્યો હતો. આ ઉપરાંત, પાણીગેટ અને હરણખાના રોડ પર પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. અહીં ધાર્મિક લાગણી ન દુભાય તે માટે માંસનું વેચાણ કરતા વેપારીઓને પડદા રાખવા માટે કડક સૂચના આપવામાં આવી છે. આગામી દિવસોમાં મંગળબજાર અને ન્યાયમંદિર વિસ્તારમાં પણ ટ્રાફિકને નડતરરૂપ દબાણો દૂર કરવાની ઝુંબેશ ચાલુ રહેશે.



# તરસાલીમાં બાળકોના ઝઘડાએ હિંસક સ્વરૂપ લીધું, 6 ઝડપાયા

**દૈનિક પલ્સ સમાચાર:** તરસાલી વિસ્તારમાં બાળકો વચ્ચે રમતાં-રમતાં થયેલી એક નાની તકરારમાં બે પરિવારો સામસામે આવી ગયા હતા. દિવાળીપુરા સ્લમ ક્વાર્ટર્સમાં સાયકલ ચલાવવા જેવી સામાન્ય બાબતે બાળકો વચ્ચે બોલાચાલી થઈ હતી, જે બાદ પરિવારો વચ્ચે મામલો ઉગ્ર બન્યો હતો. જોતજોતાંમાં બંને પક્ષના સભ્યો લાકડીઓ લઈને રોડ પર ઉતરી આવ્યા હતા અને એકબીજા પર હુમલો કર્યો હતો, જેના કારણે વિસ્તારમાં ભય અને તણાવનો માહોલ ફેલાયો હતો. ઘટનાની જાણ થતા જ મકરપુરા પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો અને પરિસ્થિતિને થાળે પાડી હતી. પોલીસે હિંસામાં સામેલ બંને પક્ષના કુલ 6 લોકોની અટકાયત કરી છે. પકડાયેલા શખ્સોમાં અનવર ઉર્ફે અન્નુ દિવાન, જુનેદ પઠાણ, ધવલ પરમાર, ધ્રુવ પરમાર, ભુપેન્દ્રસિંહ રાજપૂત અને ગૌરાંગ પરમારનો સમાવેશ થાય છે. પોલીસે આ તમામ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાએ સમાજમાં નાની વાતોમાં વધતી અસહિષ્ણુતા સામે લાલબત્તી ધરી છે.

# વડોદરા: એક્સપ્રેસ હાઈવે પર 32 પશુઓ ભરેલી ટ્રક ઝડપાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર ફરી એકવાર પશુ તસ્કરીનું નેટવર્ક ઝડપાયું છે. પ્રાણી ફાઉન્ડેશનને બાતમી મળી હતી કે ડીસાથી એક ટ્રકમાં પશુઓને કતલખાને લઈ જવામાં આવી રહ્યા છે. આ બાતમીના આધારે કાર્યકરોએ હાઈવે પર વોચ ગોઠવી ટ્રકને આંતરી હતી. પ્રાથમિક તપાસમાં ટ્રકમાં અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધેલા 32 પશુઓ મળી આવ્યા હતા.

તાલુકા પોલીસની મદદથી તમામ પશુઓને સુરક્ષિત રીતે પાંજરાપોળ ખસેડવામાં આવ્યા છે. પ્રાણી ફાઉન્ડેશનના નેહા પટેલે જણાવ્યું હતું કે આરોપી જમાલ એક રીઢો તસ્કર છે અને રાજસ્થાન જેવા રાજ્યોમાંથી પશુઓ લાવી કતલખાને પહોંચાડવાનું કામ કરે છે. તેમણે વારંવાર પકડાતા આવા શખ્સોના વાહનો કાયમી ધોરણે જપ્ત કરવાની માંગ કરી છે. હાલ પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે અને આ ગેરકાયદેસર વેપારમાં અન્ય કોણ સામેલ છે તેની તપાસ હાથ ધરી છે.

# શાળાના કમ્પાઉન્ડમાંથી 55 વર્ષીય પ્રદીપ પરમારની લાશ મળી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના નાગરવાડા વિસ્તારમાં આવેલી જીવન સાધના સ્કૂલના કમ્પાઉન્ડમાં આજે ભય અને કુતૂહલનો માહોલ જોવા મળ્યો હતો. શાળાના વોટર હાર્વેસ્ટિંગના કૂવામાંથી એક વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડ અને પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. ફાયરકર્મીઓએ ભારે જહેમત બાદ લાશને કૂવામાંથી બહાર કાઢી હતી.

મૃતકની ઓળખ પ્રદીપ દયાળભાઈ પરમાર તરીકે થઈ છે, જેઓ 55 વર્ષના હતા અને નવી ધરતી કાઠિયાવાડી ચાલીમાં રહેતા હતા. તેઓ ગત 6 ફેબ્રુઆરીથી ગુમ હતા અને પરિવારજનો તેમની શોધખોળ કરી રહ્યા હતા. આજે શાળાના મેદાનમાંથી તેમની લાશ અત્યંત ખરાબ હાલતમાં મળી આવી હતી. ફાયર વિભાગના કર્મચારી વિશાલ શિંદેએ જણાવ્યું કે લાશ ડિકમ્પોઝ થઈ ગઈ હોવાથી બહાર કાઢવા માટે વિશેષ સાધનોનો ઉપયોગ કરવો પડ્યો હતો.

કારેલીબાગ પોલીસે ઘટનાસ્થળે પંચનામું કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પ્રદીપભાઈ કઈ રીતે શાળાના કમ્પાઉન્ડ સુધી પહોંચ્યા અને કૂવામાં કેવી રીતે પડ્યા તે રહસ્ય હજુ અકબંધ છે. પોલીસ પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોઈ રહી છે, જેના આધારે મોતનું ચોક્કસ કારણ જાણી શકાશે.

**સમાચાર તથા જાહેરાત આપવા સંપર્ક કરો : ૯૯૦૯૯૧૧૧૭૫**

# વડોદરાની સરસ્વતી વિંદ્યાલયને પર્યાવરણને નુકસાન કરવા બદલ લાખોનો દડ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના ગાર્ડન વિભાગે સરકારી જમીન અને પર્યાવરણની જાળવણી માટે કડક દાખલો બેસાડ્યો છે. સમા વિસ્તારમાં આવેલી સરસ્વતી વિદ્યાલયની બાજુમાં પાલિકાએ ટીપી-12, ફાઈનલ પ્લોટ નંબર 203 માં એક સુંદર 'ફળ વન' વિકસાવ્યું હતું. પરંતુ શાળા દ્વારા આ પ્લોટનો ઉપયોગ પોતાના અંગત ક્રિકેટ ગ્રાઉન્ડ તરીકે કરવાનું શરૂ કરી દેવામાં આવ્યું હતું. તંત્રની તપાસમાં બહાર આવ્યું કે શાળાએ પ્લોટની દિવાલ પાસે ગેટ બનાવી દીધો હતો અને વિદ્યાર્થીઓ ત્યાં ક્રિકેટ રમતા હતા. આ પ્રવૃત્તિને કારણે પાલિકાએ જે મહેનતથી ઝાડ મોટા કર્યા હતા, તે ક્રિકેટ રમવાને કારણે તૂટી ગયા અને નાશ પામ્યા. આ ગંભીર બેદરકારી અને પર્યાવરણને નુકસાન પહોંચાડવા બદલ પાલિકાએ 5 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. વર્ષ 2022-23 થી આ વિવાદ ચાલી રહ્યો છે. શાળા દ્વારા વારંવાર તાકીદ કરવા છતાં દંડની રકમ જમા કરાવવામાં આવી નથી. આખરે ગાર્ડન વિભાગે રેવન્યુ વિભાગને પત્ર લખીને આ દંડની રકમ શાળાના વેરા બિલમાં ઉમેરવા રજૂઆત કરી છે. 7 ફેબ્રુઆરીએ મોકલેલી નોટિસમાં પાલિકાએ કાયદેસરની કાર્યવાહીની ચીમકી પણ આપી છે. આ કિસ્સો સરકારી મિલકતનો દુરુપયોગ કરતા શૈક્ષણિક સંસ્થાઓ માટે લાલબત્તી સમાન છે.



# અમદાવાદ: કુખ્યાત ગેંગસ્ટર અમન ઉર્ફે બચ્ચાની ધરપકડ



**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે રાજસ્થાનના કુખ્યાત ગેંગસ્ટર રવિ ગોદારા ગેંગના અમન ઉર્ફે બચ્ચા અને તેના સાગરીત સુહેબને ઝડપી પાડ્યા છે. એન્કાઉન્ટરના ડરે અમદાવાદમાં આશરો લેવા અને અહીંથી જ ડ્રગ્સ તથા હથિયારનું નવું નેટવર્ક શરૂ કરવાના પ્લાન સાથે તે આવ્યો હતો. લોરેન્સ બિશ્નોઈ સાથે સંપર્ક ધરાવતો આ આરોપી ૨૦થી વધુ ગંભીર ગુનાઓમાં સામેલ છે. ૭ કલાકના ઓપરેશન બાદ પોલીસે બંનેને પકડી કોટા પોલીસને સોંપ્યા છે

# સુરતમાં કૂતરાંનો કહેર: ૨ વર્ષની બાળકી લોહીલુહાણ



**દૈનિક પલ્સ સમાચાર:** સુરતના ઉન વિસ્તારમાં રખડતાં કૂતરાંનો આતંક ફરી સામે આવ્યો છે. સોસાયટીના ગેટ પાસે રમી રહેલી ૨ વર્ષની બાળકી પર ત્રણ કૂતરાં તૂટી પડ્યા હતા અને સાથળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ અગાઉ વાલક પાટિયામાં પણ આવો જ હુમલો થયો હતો. પાલિકાએ કૂતરાંના ખસીકરણ પાછળ કરોડોનો ખર્ચ કર્યો હોવા છતાં શહેરમાં શ્વાન કરડવાની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી, જેનાથી સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# સુરત: બેંકમાં છેતરપિંડી કરતા બે ઠગબાજોને મેથીપાક



**દૈનિક પલ્સ સમાચાર:** સુરતમાં બેંક ઓફ બરોડામાં રોકડ જમા કરાવવા આવેલા યુવકને વાતોમાં ફસાવી અસલી નોટો લઈ કાગળનું બંડલ પધરાવી દેનાર બે ઠગબાજોને લોકોએ ગૌશાળા પાસે ઝડપી લીધા હતા. છેતરપિંડીનો અહેસાસ થતા ભોગ બનનારે બૂમાબૂમ કરી હતી, જેથી લોકોએ ભાગતા બંને શખ્સોને પકડી પોલીસના હવાલે કર્યા હતા. કતારગામ પોલીસે બંને આરોપીઓની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જાહેર સ્થળોએ નાણાકીય વ્યવહારમાં સાવચેત રહેવું જરૂરી છે.

# AMC બજેટ: ચૂંટણીલક્ષી વાયદા અને 18518 કરોડનો આંકડાકીય માયાજાળ

## AMC બજેટ 2026: ચૂંટણી પહેલાં જનતાને લોભાવવાના ખેલ




**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વર્ષ 2026-27ના બજેટ પર નજર નાખતા જ જણાય છે કે આ વિકાસનું બજેટ નહીં પણ 'ચૂંટણીનું મેનિફેસ્ટો' છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ 18,518 કરોડનું અતિ-ભવ્ય બજેટ મંજૂર કર્યું છે, જેમાં 1500 કરોડનો ધરખમ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. આ વધારાનો બોજ આડકતરી રીતે જનતા પર જ આવવાનો છે, પરંતુ ચૂંટણી જીતવા માટે શાસકોએ 'અમદાવાદ આઈ' અને 'બોનસાઈ ગાર્ડન' જેવા ચળકાટભર્યા વાયદાઓની લહાણી કરી છે. સૌથી મોટો સવાલ સાબરમતી નદી અને લાંભા તળાવ પરના 'ફ્લોટિંગ સોલર' પ્રોજેક્ટ સામે છે. 50 કરોડના રોકાણ સાથે શરૂ થનારો આ પ્રોજેક્ટ શું ખરેખર ઊર્જા બચાવશે કે પછી કોન્ટ્રાક્ટરોને માલામાલ કરશે? પ્રોજેક્ટમાં '100 ટકા રિસાઇક્લેબલ ફ્લોટર્સ' જેવી ભારેખમ ટેકનિકલ ભાષા વાપરીને ભ્રષ્ટાચારને ઢાંકવાની કોશિશ થઈ રહી હોય તેમ જણાય છે. શહેરના ગંદા પાણીની સમસ્યા ઉકેલવાને બદલે શાસકો નદી પર સોલર પેનલ મૂકવા ઉતાવળા થયા છે. શાસ્ત્રીબ્રિજ પાસે ઉદ્યોગોના ઝેરી પાણીના નિકાલ માટે માત્ર 1 કરોડના સર્વેની ફાળવણી એ સાબિત કરે છે કે પ્રદૂષણ અટકાવવા તંત્ર ગંભીર નથી. ટ્રાફિકની ગંભીર સમસ્યા માટે 1 બ્રિજ અને 3 અંડરપાસની જાહેરાત માત્ર દેખાડો છે. એસ.પી. રિંગ રોડ પર હોટલ હિલ્લોક પાસે સ્થાનિકોનો જે રોષ જોવા મળ્યો, તેને ઠારવા માટે ઔડા સાથે મળીને નવો અંડરપાસ બનાવવાની જાહેરાત એ 'ડેમેજ કંટ્રોલ' સિવાય કંઈ નથી. બીજી તરફ, 32 કરોડના સ્લોટર હાઉસની દરખાસ્ત ફગાવીને શાસકોએ સ્પષ્ટ કરી દીધું છે કે વિકાસ કરતા તેમના માટે ધાર્મિક અને રાજકીય સમીકરણો વધુ મહત્વના છે. ગ્રીન કવર વધારવા માટે રેલવે લાઈનો પાસે 10 કરોડના ખર્ચે વૃક્ષારોપણની વાત હાસ્યાસ્પદ છે, કારણ કે અત્યાર સુધી વાવેલા લાખો વૃક્ષોનું શું થયું તેની કોઈ વિગત તંત્ર પાસે નથી. 100 ગાર્ડનમાં યોગા સેન્ટર અને કિચન ગાર્ડન ટ્રેનિંગના નામે સરકારી નાણાંનો વ્યય થવાની પૂરી શક્યતા છે. જ્યારે પબ્લિક ટોઇલેટ માટે માત્ર 5 કરોડ ફળવાયા છે, જે શહેરની વાસ્તવિક જરૂરિયાત કરતા ખૂબ ઓછા છે. ટૂંકમાં, આ બજેટમાં વાસ્તવિક પ્રશ્નો કરતા સોશિયલ મીડિયા પર ચમકાવી શકાય તેવા પ્રોજેક્ટ્સને વધુ મહત્વ અપાયું છે, જે અમદાવાદની જનતા માટે લોલીપોપથી વિશેષ કંઈ નથી.

**અમદાવાદ કોર્પોરેશને આગામી ચૂંટણીને ટાર્ગેટ કરી 18,518 કરોડનું 'સપનાનું બજેટ' રજૂ કર્યું છે. પ્રાથમિક સુવિધાઓના ઠેકાણા નથી ત્યાં 'લંડન આઈ' જેવા પ્રોજેક્ટ્સ બતાવી જનતાને આંકડાની માયાજાળમાં ફસાવવાનો શાસકોએ પૂરતો પ્રયાસ કર્યો છે.**

# વડોદરામાં કોમર્શિયલ વાહનો માટે જીપીએસ અને પેનિક બટન ફરજિયાત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં મુસાફરોની સુરક્ષા વધારવા માટે રાજ્ય સરકારે ટેક્સી અને બસોમાં પેનિક બટન અને જીપીએસ સિસ્ટમ ફરજિયાત કરી છે. વડોદરા આરટીઓ દ્વારા જૂના અને નવા એમ કુલ 13,941 જેટલા કોમર્શિયલ વાહનો પર આ નિયમ લાગુ પડશે. 1 જાન્યુઆરીથી આ નિયમ કડક રીતે અમલી બનતા, હવે નવા વાહનોના પાસિંગ માટે આ સિસ્ટમ હોવી અનિવાર્ય છે.

આ સિસ્ટમ હેઠળ કારમાં ડ્રાઇવર સહિત ચાર જગ્યાએ લાલ રંગના બટન સ્ટીકર સાથે લગાવાયેલા હશે. કંપનીની એપ દ્વારા વાહનનું લોકેશન જાણી શકાશે. જોકે, વાસ્તવિકતા એ છે કે આ બટન દબાવવાથી પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ થશે કે અન્ય ક્યાંય, તે અંગે કોઈ સત્તાવાર સ્પષ્ટતા નથી. ટ્રાફિક ડીસીપી ઋષિકેશ ઉપાધ્યાયના જણાવ્યા મુજબ, પોલીસને હજુ આ ડેટાબેઝ કે સિસ્ટમ અંગે કોઈ જાણકારી આપવામાં આવી નથી. બીજી તરફ, આ નિયમથી વાહન માલિકો પર આર્થિક ભારણ વધ્યું છે. એક ટેક્સીમાં આ સિસ્ટમ માટે અંદાજે 17,000 રૂપિયાનો ખર્ચ થાય છે. આ ઉપરાંત, આરટીઓમાં ચકાસણીની પ્રક્રિયા લાંબી હોવાથી વાહનોની ડિલિવરીમાં પણ 4 થી 5 દિવસનો વિલંબ થઈ રહ્યો છે. મુસાફરોએ આ માટે કોઈ ખાસ એપ ડાઉનલોડ કરવી પડશે કે કેમ તે અંગે પણ હજુ મુંઝવણ પ્રવર્તી રહી છે.




**વડોદરામાં હવે તમામ કોમર્શિયલ વાહનોમાં જીપીએસ સાથે પેનિક બટન લગાવવું ફરજિયાત છે. 1 જાન્યુઆરીથી અમલી આ નિયમ હેઠળ ટેક્સી અને બસમાં મુસાફરોની સુરક્ષા માટે આ સિસ્ટમ ચેક કરવામાં આવશે. ફિટનેસ સર્ટિફિકેટ માટે પણ આ બટન અનિવાર્ય છે.**

# અમદાવાદ: ઈસનપુરની કેમિકલ ફેક્ટરીમાં ભીષણ આગ લાગી

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ: શહેરના ઇસનપુર વિસ્તારમાં આજે બપોરે એક કેમિકલ ફેક્ટરીમાં ભીષણ આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઇસનપુરના ગુરુકૃપા એસ્ટેટમાં આવેલી આ ફેક્ટરીમાં બપોરે આશરે 3 વાગ્યે અચાનક ધુમાડાના ગોટેગોટા દેખાવા લાગ્યા હતા અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગની ગંભીરતાને જોતા ફાયર કંટ્રોલ રૂમ દ્વારા તાત્કાલિક 8 જેટલી ફાયર ફાઈટરની ગાડીઓને રવાના કરવામાં આવી હતી. કેમિકલના જથ્થાને કારણે આગ પર કાબૂ મેળવવો શરૂઆતમાં મુશ્કેલ હતો, પરંતુ ફાયર બ્રિગેડની ટીમે સતત પાણીનો મારો ચલાવીને આશરે એક કલાકમાં આગને સંપૂર્ણપણે કાબૂમાં લીધી હતી. આગ લાગવાના ચોક્કસ કારણની હજુ સુધી ખબર પડી નથી. રાહતની વાત એ છે કે આ સમયે ફેક્ટરીમાં હાજર તમામ લોકો સુરક્ષિત રીતે બહાર નીકળી ગયા હતા, જેથી કોઈ મોટી જાનહાનિ થઈ નથી. હાલમાં કુલિંગની પ્રક્રિયા ચાલી રહી છે. **રિપોર્ટ : દિવ્યેશ શ્રીમાળી**

**અમદાવાદના ઇસનપુરમાં આવેલા ગુરુકૃપા એસ્ટેટની એક કેમિકલ ફેક્ટરીમાં આજે બપોરે અચાનક આગ ફાટી નીકળી હતી. ફાયર બ્રિગેડની 8 ગાડીઓએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.**

# અમદાવાદમાં ડ્રગ્સનું નેટવર્ક: SOG અને પોલીસની કાર્યવાહી

**દૈનિક પલ્સ સમાચાર:** 'ઉડતા અમદાવાદ' જેવી સ્થિતિ વચ્ચે પોલીસે બે અલગ-અલગ સ્થળેથી ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. SOG એ સાબરમતી રિવરફ્રન્ટ પર નશાનો વેપાર કરતા નય્યાર રઝા કુરેશીને 9.48 લાખના એમડી ડ્રગ્સ સાથે ઝડપ્યો છે. માત્ર 21 વર્ષનો આ વિદ્યાર્થી રાજસ્થાનના આબુરોડથી ડ્રગ્સ લાવી અમદાવાદના સલમાન શેખને આપવાનો હતો. રિવરફ્રન્ટ પર ફરવા આવતા યુગલોને નશાની લતે લગાડવાનું આ મોટું કાવતરું હતું. પોલીસે આ મામલે રાજસ્થાનના સોહિલ બલોચ અને નઈમ શેખ વિરુદ્ધ પણ ગુનો નોંધ્યો છે.

બીજી ઘટનામાં ઓઢવ પોલીસે અર્બુદાનગર પાસે એક વેગનઆર કારને આંતરી હતી. જેમાં તપાસ કરતા હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે રણજીતસિંહ સોલંકીની ધરપકડ કરી છે, જેણે કબૂલાત કરી કે તે સલીમ બમ્બઈયા પાસેથી ગાંજો લાવી કુલદીપ પંચાલને આપવાનો હતો. પોલીસે 3.61 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. અમદાવાદમાં ડ્રગ્સ માફિયાઓ હવે ગલીએ-ગલીએ પહોંચી ગયા છે. પોલીસ માત્ર નાના પેડલર્સને પકડીને સંતોષ માને છે કે મોટા મગરમચ્છો સુધી પહોંચશે? આ સવાલ જનતામાં ચર્ચાઈ રહ્યો છે.



**અમદાવાદમાં ડ્રગ્સ માફિયાઓ સક્રિય. રિવરફ્રન્ટ પરથી 9.48 લાખનું MD ડ્રગ્સ અને ઓઢવમાંથી હાઈબ્રિડ ગાંજાનો જથ્થો ઝડપાયો છે.**

# ડભોઈના વઢવાણાની ગાયકવાડી કેનાલો તંત્રની બેદરકારીથી બની ગટર ગંગા

**દૈનિક પલ્સ સમાચાર:** ડભોઇ તાલુકાના કૃષિ જગત માટે આશીર્વાદ સમાન વઢવાણા કેનાલો આજે તંત્રની ગુનાહિત બેદરકારીને કારણે અભિશાપ બની ગઈ છે. ગાયકવાડ શાસનમાં ખેડૂતોના હિત માટે જે નહેર નેટવર્ક બિછાવવામાં આવ્યું હતું, તેના પર આજે જમીન માફિયાઓ અને ગંદા પાણીનું સામ્રાજ્ય છે. અહેવાલો મુજબ, 125 કિમી લાંબી કેનાલોમાંથી 40 ટકા એટલે કે અડધા જેટલી કેનાલો મૃતપ્રાય અવસ્થામાં છે.

જ્યાં એક સમયે પાણીની હેલારા વહેતી હતી, ત્યાં આજે ડભોઇ નગરપાલિકાની ગટર ઉભરાઈ રહી છે. કુકડ, બોરીયાદ, મેઘા અને વેગા જેવા વિસ્તારોની કિલોમીટરો લાંબી કેનાલો દેખરેખના અભાવે બિનઉપયોગી બની છે. કેટલીક જગ્યાએ તો કેનાલોને પૂરીને રસ્તા કે બાંધકામ કરી દેવાયા છે, છતાં સિંચાઈ વિભાગ કુંભકર્ણની નિદ્રામાં છે. હાલમાં માત્ર વઢવાણાથી ભીમપુરા અને તરસાણા જેવી જૂજ કેનાલો જ કાર્યરત છે, પરંતુ તેની હાલત પણ કફોડી છે. 25 વર્ષથી બંધ પડેલી માઇનોર કેનાલોને કારણે ખેડૂતોના કરોડો રૂપિયાના પાક પાણી વગર મુરઝાઈ રહ્યા છે. શાસકોના મોટા-મોટા દાવાઓ વચ્ચે વઢવાણાની આ વાસ્તવિકતા વહીવટી તંત્રની નિષ્ફળતા પર કરારો પ્રહાર કરે છે.



**ડભોઇમાં ગાયકવાડી શાસનની અમૂલ્ય દેણ એવી વઢવાણા કેનાલો તંત્રની નાકામીને કારણે ગટર ગંગા બની છે. 40 ટકા કેનાલો મૃતપ્રાય અવસ્થામાં છે અને ભૂ-માફિયાઓના દબાણ નીચે દબાઈ ગઈ છે, જેના કારણે ધરતીપુત્રો સિંચાઈ માટે ટીપે-ટીપે પાણી માટે વલખાં મારી રહ્યા છે.**

# અમદાવાદ: વિઝાના નામે 72 લાખની ઠગાઈ, ઠગ દંપતી સામે પોલીસ ફરિયાદ

**દૈનિક પલ્સ સમાચાર**: અમદાવાદ શહેર હવે વિઝા કૌભાંડીઓનું હબ બની રહ્યું હોય તેમ લાગે છે. વિદેશમાં સ્થાયી થવાના સપના જોતી પ્રજાને લૂંટવા માટે સફેદપોશ ઠગોએ નવો રસ્તો શોધી કાઢ્યો છે. તાજેતરમાં ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ડો. ઉર્જીત કવી અને તેની પત્ની હર્ષિદા કવીએ 'ધ કેરિયર પ્રોફેશનલ્સ' નામની એજન્સી દ્વારા 14 લોકોના જીવનની મૂડી સમાન 72.45 લાખ રૂપિયાની છેતરપિંડી આચરી છે. આ કૌભાંડની શરૂઆત સોલામાં રહેતા ભાર્ગેશભાઈ પટેલના વિશ્વાસઘાતથી થઈ હતી. ભાર્ગેશભાઈ જેમને પોતાના મિત્ર માનતા હતા તે ડો. ઉર્જીતે પોતાની પત્ની સાથે ભાગીદારીમાં રિક્રુટમેન્ટ, ટ્રેનિંગ અને ઇમિગ્રેશનનું કામ શરૂ કર્યું હોવાનું કહીને તેમને જાળમાં ફસાવ્યા હતા. ભાર્ગેશભાઈએ શુદ્ધ ભાવે પોતાના અનેક પરિચિતોને વિદેશમાં સેટલ થવા માટે આ દંપતી પાસે મોકલ્યા હતા. કોને ખબર હતી કે ડોક્ટરની પદવી ધરાવતો વ્યક્તિ જમીન પર બેસીને આટલું મોટું આર્થિક કૌભાંડ આચરશે?

આ ઠગ ટોળકીએ માત્ર પાંચ માસમાં જ 13 લોકો પાસેથી 61.24 લાખ રૂપિયા પડાવી લીધા અને ટીપીસી કોર્પ્સ નામની સંસ્થાની રિસિપ્ટો પધરાવી દીધી. લોકોને એમ લાગ્યું કે પ્રોસેસ શરૂ થઈ ગઈ છે, કારણ કે દંપતીએ તેમને સ્પોન્સરશીપ લેટર, જોબ ઓફર લેટર અને બાયોમેટ્રિક દસ્તાવેજો પણ બતાવ્યા હતા. જોકે, આ તમામ દસ્તાવેજો માત્ર કાગળના ટુકડા જ હતા, જે લોકોને શાંત રાખવા માટે અપાયા હતા. આઠ મહિના સુધી સતત ખોટા વાયદાઓ કર્યા બાદ જ્યારે વિઝા ન આવ્યા ત્યારે દંપતીએ રંગ બદલવાનું શરૂ કર્યું. કુલ 14 લોકોએ ભેગા મળીને જ્યારે હિસાબ માંગ્યો ત્યારે ખબર પડી કે આંકડો 72.45 લાખે પહોંચ્યો છે. ચાંદખેડા પોલીસે આ મામલે ગંભીરતા દાખવી ઠગ દંપતી સામે આઈપીસીની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. પરંતુ સવાલ એ છે કે, આવા ઠગો લોકોના વિશ્વાસનો ખૂન કરીને લાખો રૂપિયા ઓહિયા કરી જાય છે ત્યારે પોલીસ તપાસમાં રિકવરી કેટલી થશે? શું આ ભોગ બનનારાઓને તેમના પરસેવાના પૈસા પાછા મળશે ખરા? અમદાવાદમાં ફૂટી નીકળેલા આવા 'પ્રોફેશનલ ઠગો' સામે હવે તંત્રએ કોઈ કડક પગલાં લેવાની જરૂર છે, જેથી ફરી કોઈનું ઘર ઉજડે નહીં. વિદેશ જવાની આંધળી દોટમાં એજન્ટોની ઓફિસોના ચળકાટથી અંજાઈ જનારા લોકો માટે આ એક કરુણ પાઠ છે.




**અમદાવાદમાં એજ્યુકેટેડ ઠગાઈનો કિસ્સો સામે આવ્યો છે. ડો. ઉર્જીત કવી અને તેની પત્ની હર્ષિદાએ 'ધ કેરિયર પ્રોફેશનલ્સ' નામની હાટડી ખોલીને વિદેશમાં નોકરી અને PR અપાવવાના નામે 14 લોકોના લોહી-પરસેવાના 72.45 લાખ રૂપિયા ઓહિયા કરી ગયા છે. નકલી રિસિપ્ટ અને ખોટા જોબ ઓફર લેટર પધરાવી આ દંપતીએ લોકોના ભવિષ્ય સાથે ચેડાં કર્યા છે. વિશ્વાસઘાતની હદ તો ત્યારે થઈ જ્યારે આઠ-આઠ મહિના સુધી વાયદા કર્યા બાદ પણ કામ ન થતા મામલો ચાંદખેડા પોલીસ મથકે પહોંચ્યો છે.**

## જેસાવાડા: પોલીસ પર હુમલો કરનાર 2 મહિલા સહિત 6 આરોપી ઝડપાયા

### છરછોડામાં પોલીસ પર હુમલો: 6 શખ્સોની ધરપકડ

**દૈનિક પલ્સ સમાચાર:** જેસાવાડા પોલીસ મથકની હદમાં આવેલા છરછોડા ગામે બનેલી પોલીસ પર હુમલાની ઘટનામાં તંત્ર દ્વારા મોટી સફળતા મળી છે. થોડા સમય અગાઉ જ્યારે પોલીસની એક ટીમ બાતમીના આધારે આ વિસ્તારમાં દારૂની રેડ પાડવા માટે પહોંચી હતી, ત્યારે કેટલાક અસામાજિક તત્વોએ પોલીસ પર હુમલો કરી તેમને કામગીરી કરતા અટકાવ્યા હતા. આ ઘટનામાં સંડોવાયેલા શખ્સો સામે જે તે સમયે પ્રોહિબિશન હેઠળ નામજોગ ગુનો નોંધાયો હતો.
પોલીસ પર થયેલા હુમલાના કેસને ઉકેલવા માટે જેસાવાડા પોલીસે ખાસ ટીમ બનાવી છરછોડા ગામે કોમ્બિંગ ઓપરેશન હાથ ધર્યું હતું. આ ઓપરેશન દરમિયાન પોલીસે ચોક્કસ બાતમીના આધારે હુમલો કરનાર 6 આરોપીઓને દબોચી લીધા છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં 4 પુરુષો ઉપરાંત 2 મહિલાઓનો પણ સમાવેશ થાય છે. પોલીસે તમામ આરોપીઓની અટકાયત કરી તેમની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ પ્રકારની હુમલાની ઘટનાઓને રોકવા અને ગુનેગારોમાં ડર પેદા કરવા માટે પોલીસે આ કડક વલણ અપનાવ્યું છે. હાલમાં તમામ 6 આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે અને આ કેસમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે અંગે પણ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.
**રિપોર્ટ : શેખ અબ્દુલ કાદિર**



**છરછોડામાં દારૂની રેડ દરમિયાન પોલીસ પર હુમલો કરનાર 2 મહિલા અને 4 પુરુષોની ધરપકડ. જેસાવાડા પોલીસે કોમ્બિંગ કરી કાર્યવાહી કરી.**

## ડાંગના 9 ગામોમાં જરૂરિયાતમંદોને અનાજ કીટ અપાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** ડાંગ જિલ્લાના અંતરિયાળ પહાડી વિસ્તારોમાં વસતા જરૂરિયાતમંદ પરિવારોની વ્હારે ચિખલી પ્રેરણા ગ્રુપ અને સહ્યાદ્રી ડાંગ માઉન્ટેનિયરિંગ એન્ડ એડવેન્ચર એસોસિએશન આવ્યું છે. તાજેતરમાં ચિરાપાડા પ્રાથમિક શાળા ખાતે એક વિશેષ કાર્યક્રમ યોજીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું.
આ અભિયાન અંતર્ગત ડાંગના શામગહાન, ભુરાપાણી, ભાપખલ અને રાનપાડા સહિતના 9 ગામોના 90 થી વધુ નિરાધાર, વૃદ્ધ, અપંગ અને વિધવા બહેનોને એક માસ ચાલે તેટલી અનાજ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કીટમાં જીવનજરૂરી ચીજવસ્તુઓ જેવી કે લોટ, તેલ, દાળ અને ચોખાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નિવૃત્ત શિક્ષક કિશોરભાઈ પટેલ, સામાજિક આગેવાન નીતિનભાઈ રાઉત અને વિવિધ ગામના સરપંચો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યનો મુખ્ય હેતુ છેવાડાના જરૂરિયાતમંદ પરિવારોને એ અહેસાસ કરાવવાનો હતો કે સમાજ તેમની સાથે છે. પહાડોની વચ્ચે વસતા પરિવારોના ચહેરા પરની મુસ્કાને આ સેવાકીય કાર્યને સફળ બનાવ્યું હતું. **રિપોર્ટ : સંદીપ ચૌધરી**



## મહેમદાવાદ: ધોરણ 9 ના વિદ્યાર્થીને આચાર્યએ ઢોર માર માર્યાનો આક્ષેપ

**દૈનિક પલ્સ સમાચાર:** મહેમદાવાદ તાલુકાના છાપરા ગામની સરકારી માધ્યમિક શાળામાં આચાર્ય દ્વારા વિદ્યાર્થીને શારીરિક સજા કરવામાં આવતા વિવાદ સર્જાયો છે. ઘટનાની વિગત મુજબ, ધોરણ 9 માં ભણતા 14 વર્ષના વિદ્યાર્થીને ક્લાસની બહાર જવા જેવી નાની બાબતે આચાર્ય સુરેશ પરમારે નિર્દયતાથી માર માર્યો હોવાના આક્ષેપ થયા છે. પીડિત વિદ્યાર્થીનું કહેવું છે કે ક્લાસમાં તે સમયે કોઈ વિષય શિક્ષક હાજર ન હતા, તેથી તે પરવાનગી લીધા વિના બહાર ગયો હતો.
જ્યારે તે ક્લાસમાં પાછો આવ્યો ત્યારે આચાર્યએ તેને પકડી લીધો હતો અને આખા વર્ગ સામે તેને શારીરિક રીતે હેરાન કર્યો હતો. આક્ષેપ મુજબ, આચાર્યએ વિદ્યાર્થીને ગળેથી પકડીને તેનું માથું પોતાના ઘૂંટણ વચ્ચે ફસાવી દીધું હતું અને તેના શરીર પર અનેક પ્રહારો કર્યા હતા. ઘરે જઈને વિદ્યાર્થીએ આ અંગે પિતાને જાણ કરતા તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. પિતાએ તરત જ પુત્રને હોસ્પિટલ લઈ જઈને તેની સારવાર કરાવી હતી. આ મામલે મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં આચાર્ય સુરેશ પરમાર સામે લેખિત ફરિયાદ કરવામાં આવી છે. શિક્ષણ જગતમાં આ પ્રકારની હિંસક સજા સામે અનેક સવાલો ઉભા થયા છે.
**રિપોર્ટ : ખાંટ મનુભાઈ**



**મહેમદાવાદ તાલુકાના છાપરા ગામની સરકારી શાળામાં ધોરણ 9 માં ભણતા એક 14 વર્ષના વિદ્યાર્થીને આચાર્ય સુરેશ પરમારે નિર્દયતાથી માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. રજા વગર ક્લાસની બહાર જવા બદલ આચાર્યએ વિદ્યાર્થીને ગળચી પકડીને માર માર્યાનો આક્ષેપ છે.**

## સાપુતારા-આહવા હાઈવે બન્યો મોતનો રસ્તો, તંત્ર નિદ્રામાં

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતનું એકમાત્ર ગિરિમથક સાપુતારા આજે તંત્રની બેદરકારીને કારણે પ્રવાસીઓ માટે માથાનો દુખાવો બની રહ્યું છે. સાપુતારાથી આહવા સુધીના 40 કિમીના રાષ્ટ્રીય ધોરીમાર્ગની હાલત એવી છે કે તેને હાઈવે કહેવો એ પણ એક મજાક છે. શામગહાનથી શિવઘાટ સુધીનો આખો પટ્ટો અત્યંત બિસ્માર બની ગયો છે. ધૂમખલ, ટાકલીપાડા અને બોરખલ જેવા વિસ્તારોમાં રોડ પર ખાડા પર ખાડા જોવા મળે છે, જે અકસ્માતોને આમંત્રણ આપી રહ્યા છે.
સ્થાનિક રહેવાસીઓ અને વાહનચાલકોનો રોષ આસમાને છે. તેમનો આક્ષેપ છે કે હાઈવે ઓથોરિટી અને માર્ગ મકાન વિભાગના અધિકારીઓની મિલીભગતને કારણે રસ્તાની ગુણવત્તા સાથે ચેડાં થયા છે. રસ્તા પર ડામર ઉખડી જવાથી પથ્થરો નીકળી આવ્યા છે, જેના કારણે વાહનોના ટાયર ફાટવાની અને સ્લિપ થવાની ઘટનાઓ સામાન્ય બની છે. અનેક રજૂઆતો છતાં જવાબદાર તંત્રના પેટનું પાણી હલતું નથી. શું તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું છે? પ્રવાસનનો દાવો કરતી સરકાર આ રસ્તાની હાલત સુધારવામાં કેમ વામણી સાબિત થઈ રહી છે? દૈનિક પલ્સ સમાચાર પૂછે છે કે જનતાના ટેક્સના પૈસા રસ્તાના નામે ક્યાં ખર્ચાઈ રહ્યા છે? **રિપોર્ટ : સંદીપ ચૌધરી**





**'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'**

## હિંમતનગરમાં ધારાસભ્ય વી ડી ઝાલાએ સ્વદેશી મેળો ખુલ્લો મુક્યો

**દૈનિક પલ્સ સમાચાર:** રાજ્ય સરકાર દ્વારા શહેરી વિસ્તારોમાં સ્થાનિક ઉત્પાદનોને વેગ આપવા માટે કરવામાં આવેલા સૂચનને પગલે હિંમતનગર નગરપાલિકા દ્વારા 'સ્વદેશી મેળો અને શોપિંગ ફેસ્ટિવલ-2026'નું આયોજન કરવામાં આવ્યું છે. બુધવારે હિંમતનગરના ધારાસભ્ય વી. ડી. ઝાલાએ આ મેળાનું ઉદ્ઘાટન કરી તેને જનતા માટે ખુલ્લો મુક્યો હતો. આ મેળો તા. 11 ફેબ્રુઆરી થી તા. 20 ફેબ્રુઆરી સુધી સતત 10 દિવસ ચાલશે. ગુજરાત શહેરી આજીવિકા મિશન (NULM) અંતર્ગત આયોજિત આ ફેસ્ટિવલ પાછળનો મુખ્ય ઉદ્દેશ 'લોકલ ફોર વોકલ' અભિયાનને સાર્થક કરવાનો છે. મેળામાં સખી મંડળની બહેનો, નાના ઉદ્યોગકારો અને કલા સર્જકો દ્વારા તૈયાર કરાયેલી વસ્તુઓના પ્રદર્શન અને વેચાણ માટે કુલ 50 સ્ટોલની વ્યવસ્થા કરવામાં આવી છે. આમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના 20 અને હિંમતનગર નગરપાલિકા હેઠળના 30 સખી મંડળના સ્ટોલનો સમાવેશ થાય છે. 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'ના સૂત્ર સાથે આયોજિત આ મેળો દરરોજ સવારે 10 થી રાતના 10 વાગ્યા સુધી મુલાકાતીઓ માટે ચાલુ રહેશે.
ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોમાં પાલિકા પ્રમુખ વિમલ ઉપાધ્યાય, નાગરિક બેંકના ચેરમેન દિલીપ શાહ, નિયામક કે. પી. પાટીદાર અને ચીફ ઓફિસર ઉપેન્દ્ર ગઢવી મુખ્ય હતા. પાલિકાના વિવિધ સમિતિના ચેરમેન અને સદસ્યોની ઉપસ્થિતિમાં ધારાસભ્યએ સ્થાનિક ઉત્પાદનોની ગુણવત્તાના વખાણ કર્યા હતા અને શહેરીજનોને વધુમાં વધુ સંખ્યામાં મુલાકાત લઈ સ્વદેશી વસ્તુઓ ખરીદવા પ્રોત્સાહિત કર્યા હતા. આ મેળાથી જિલ્લાના નાના ઉત્પાદકોને આર્થિક ટેકો મળવાની સાથે તેમની કલાને પણ નવી ઓળખ મળશે.
**રિપોર્ટ : જનક જાદવ**



## કુંદાવાડા: શિક્ષિકા ઈન્દુબેન પટેલનો વિદાય સન્માન સમારોહ

**દૈનિક પલ્સ સમાચાર:** ધાનપુર, દાહોદ: શ્રી સર્વોદય ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળા, કુંદાવાડામાં મદદનીશ શિક્ષિકા તરીકે કાર્યરત શ્રીમતી ઇન્દુબેન કે. પટેલની વયનિવૃત્તિ નિમિત્તે શાળામાં એક ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ઇન્દુબેને આ શાળામાં લાંબા સમય સુધી નિષ્ઠાપૂર્વક અને સમર્પિત ભાવથી વિદ્યાર્થીઓના ઘડતરમાં મહત્વનું યોગદાન આપ્યું છે.
આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રી બચુભાઈ ખાબડ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઇન્દુબેનના શિક્ષણ પ્રત્યેના લગાવ અને તેમની કર્તવ્યનિષ્ઠાની પ્રશંસા કરી હતી, તેમજ તેમના આગામી નિવૃત્ત જીવન માટે સ્વસ્થ અને સુખમય જીવનની કામના કરી હતી. સમારોહમાં શાળાનું શિક્ષકમંડળ, બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ગ્રામજનો હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ ઇન્દુબેનના કાર્યકાળના સંસ્મરણો વાગોળી તેમને બિરદાવ્યા હતા. કાર્યક્રમના અંતે તેમને સન્માનપત્ર અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી અત્યંત લાગણીશીલ વાતાવરણમાં ભાવભીની વિદાય આપવામાં આવી હતી.
**રિપોર્ટ : નરેન્દ્રસિંહ ચૌહાણ**



**કુંદાવાડાની શાળામાં મદદનીશ શિક્ષિકા ઇન્દુબેન પટેલનો નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો. પૂર્વ મંત્રી બચુભાઈ ખાબડ હાજર રહ્યા.**

## સાબરકાંઠા: 108 એમ્બ્યુલન્સમાં મહિલાની સફળ પ્રસૂતિ, માતા-બાળક સુરક્ષિત

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લામાં 108 ઇમરજન્સી ગ્રીન હેલ્થ સર્વિસ ફરી એકવાર લોકો માટે જીવનરક્ષક સાબિત થઈ છે. તલોદ તાલુકાના સીમલીયા ગામની એક સગર્ભા મહિલાની હોસ્પિટલ પહોંચતા પહેલા એમ્બ્યુલન્સમાં જ સફળ પ્રસૂતિ કરાવી 108ની ટીમે નવજાત શિશુ અને માતાનો જીવ બચાવ્યો છે.
આ ઘટનાની વિગત મુજબ, બુધવારે વહેલી સવારે સીમલીયા ગામના હિનાબેન દેવેન્દ્રસિંહ ચૌહાણને પ્રસૂતિની અસહ્ય પીડા ઉપડી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે પ્રાંતિજ CHC ખાતે લઈ જવામાં આવ્યા હતા. જોકે, ત્યાં તેમની તબિયત વધુ લથડતા ફરજ પરના તબીબોએ તેમને હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવાની સલાહ આપી હતી. આ અંગે 108 ને જાણ કરવામાં આવતા જ પ્રાંતિજ લોકેશનની 108 એમ્બ્યુલન્સ સેકન્ડોમાં ઘટનાસ્થળે પહોંચી હતી. એમ્બ્યુલન્સના EMT અજય ચૌહાણ અને પાયલોટ જયદત્ત સિંહ સિસોદિયા સગર્ભા મહિલાને લઈને હિંમતનગર સિવિલ હોસ્પિટલ જવા રવાના થયા હતા. પરંતુ, મુસાફરી દરમિયાન હિંમતનગર પહોંચતા પહેલા જ રસ્તામાં પ્રસૂતિની પીડા ખૂબ વધી ગઈ હતી અને બાળકની ડિલિવરી ગમે ત્યારે થાય તેવી સ્થિતિ સર્જાઈ હતી. કટોકટીના આ સમયે EMT અજય ચૌહાણે સમયસૂચકતા વાપરી અને ઓન-કોલ ડોક્ટર રિચીબેનના માર્ગદર્શન હેઠળ એમ્બ્યુલન્સને રસ્તામાં સુરક્ષિત સ્થાને ઉભી રાખી અંદર જ પ્રસૂતિ કરાવવાનો નિર્ણય લીધો હતો. 108 ની ટીમે પૂરી કુશળતા અને સાવચેતી સાથે નોર્મલ ડિલિવરી પ્રક્રિયા પૂર્ણ કરી હતી. સફળ પ્રસૂતિ બાદ માતા અને નવજાત બાળક બંનેના સ્વાસ્થ્યની તપાસ કરવામાં આવી હતી અને બંને સુરક્ષિત હોવાનું જણાતા ટીમે રાહતનો શ્વાસ લીધો હતો. ત્યારબાદ 108 ની ટીમે માતા અને બાળકને હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે સફળતાપૂર્વક ખસેડ્યા હતા. સમયસર અને સચોટ સારવાર મળવા બદલ મહિલાના પરિવારજનોએ 108 ટીમનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.
**રિપોર્ટ : જનક જાદવ**



# વડોદરા ભાજપ દ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પુણ્યતિથિએ પુષ્પાંજલિ અર્પણ

## વડોદરા: સમર્પણ દિવસ નિમિત્તે ભાજપનો વિશેષ કાર્યક્રમ

**દૈનિક પલ્સ સમાચાર:** ભારતીય જનતા પાર્ટી વડોદરા મહાનગર દ્વારા ૧૧ ફેબ્રુઆરીના રોજ ભારતીય જનસંઘના પ્રખર નેતા અને વૈચારિક માર્ગદર્શક પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પુણ્યતિથિ નિમિત્તે "સમર્પણ દિવસ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરાના કારેલીબાગ સ્થિત પક્ષના કાર્યાલય "નમો કમલમ" ખાતે આયોજિત આ કાર્યક્રમમાં શહેરના ભાજપ અધ્યક્ષ ડૉ. જયપ્રકાશ સોનીએ અધ્યક્ષસ્થાન સંભાળ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના તૈલીચિત્રને ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેલા પ્રદેશ સંયોજક (પ્રશિક્ષણ વિભાગ) રાજેશભાઈ પટેલે પંડિતજીના જીવન સંઘર્ષ અને તેમની વિચારધારા વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે ૧૯૧૬માં જન્મેલા પંડિતજીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારકથી લઈને જનસંઘના અધ્યક્ષ સુધીની સફરમાં વ્યક્તિગત પ્રામાણિકતાના ઉચ્ચતમ ધોરણો જાળવી રાખ્યા હતા. પંડિતજીએ વિશ્વને 'એકાત્મ માનવ દર્શન' ની જે સંકલ્પના આપી, તે આજે પણ ભારત માટે અત્યંત પ્રસ્તુત છે. તેમણે ભારત માટે એવી અર્થવ્યવસ્થાની કલ્પના કરી હતી જે ગ્રામ્ય આધારિત અને સ્વાવલંબી હોય. પશ્ચિમી મૂડીવાદ કે સામ્યવાદને બદલે મૂળ ભારતીય મૂલ્યો પર આધારિત વ્યવસ્થા જ ભારતને સાચા અર્થમાં સ્વતંત્ર બનાવી શકે તેવો તેમનો દ્રઢ મત હતો. આજના કાર્યક્રમમાં એ વાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની વર્તમાન સરકાર પંડિતજીના 'અંત્યોદય' (છેવાડાના માનવીનો ઉદય) ના મંત્રને અનુસરી રહી છે, જેમાં દરેક સરકારી યોજનાનો લાભ સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચે તેવા પ્રયાસો કરવામાં આવે છે.

આ ગરિમામય કાર્યક્રમમાં સયાજીગંજ વિધાનસભાના ધારાસભ્ય કેયુરભાઈ રોકડિયા, પૂર્વ મહામંત્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ, શહેર મહામંત્રીઓ લકુલીશભાઈ ત્રિવેદી, દીપકભાઈ પઢિયાર અને રમેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કોર્પોરેશનના પદાધિકારીઓ જેવા કે સ્થાયી સમિતિના ચેરમેન ડૉ. શીતલભાઈ મિસ્ત્રી અને ડેપ્યુટી મેયર ચિરાગભાઈ સહિત વિવિધ વોર્ડ અને મોરચાના પ્રમુખો, મહામંત્રીઓ અને મોટી સંખ્યામાં નિષ્ઠાવાન કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને મીડિયા સંકલન પાર્થ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત કાર્યકરોએ પંડિતજીના સમર્પિત જીવનમાંથી પ્રેરણા લઈ સંગઠનને મજબૂત કરવાનો સંકલ્પ લીધો હતો.



**ભારતીય જનતા પાર્ટી વડોદરા મહાનગર દ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પુણ્યતિથિ એટલે કે 'સમર્પણ દિવસ' નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. અધ્યક્ષ ડૉ. જયપ્રકાશ સોનીની ઉપસ્થિતિમાં પક્ષના હોદ્દેદારો અને કાર્યકરોએ પુષ્પાંજલિ અર્પી તેમના એકાત્મ માનવવાદના વિચારોને યાદ કર્યા હતા.**

# નવસારીમાં આધુર્નિક પશુપાલન અને મૂલ્યવધન અંગે ત્રિદિવસીય તાલીમ યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** પશુ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ અને પશુચિકિત્સા મહાવિદ્યાલય, નવસારીના સંયુક્ત ઉપક્રમે "આધુનિક પશુપાલન સાથે મૂલ્યવર્ધન અને ઉદ્યમશીલતા" વિષય પર ત્રિદિવસીય આવાસીય તાલીમ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો છે. ૧૦ ફેબ્રુઆરીથી શરૂ થયેલ આ તાલીમમાં દક્ષિણ ગુજરાતના પશુપાલકો મોટી સંખ્યામાં જોડાયા છે. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. એમ. એમ. ઇસ્લામે સ્વાગત પ્રવચન કરી તાલીમની ઉપયોગીતા સમજાવી હતી.

મુખ્ય અતિથિ ડૉ. કે. એચ. વાઢેરે પશુપાલન ક્ષેત્રે નવીનતમ ટેક્નોલોજીના ઉપયોગ પર પ્રકાશ પાડ્યો હતો. અધ્યક્ષસ્થાનેથી ડૉ. વી. એસ. ડબાસે પશુપાલકોને માત્ર પશુ ઉછેર પૂરતું સીમિત ન રહીને પશુ પેદાશોનું મૂલ્યવર્ધન કરી સફળ ઉદ્યમી બનવા પ્રોત્સાહિત કર્યા હતા. આ પાવન અવસરે "બકરાપાલન – એક સંપૂર્ણ માર્ગદર્શિકા" પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું, જે પશુપાલકોને વ્યવહારુ જ્ઞાન પૂરું પાડશે. તાલીમના સહ-આયોજક ડૉ. ઉત્સવભાઈ સુરતી અને ડૉ. એમ. પી. માઢવાતર દ્વારા તાલીમની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી, જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંયોજન ડૉ. સુનિલભાઈ કાપડી દ્વારા કરવામાં આવ્યું હતું. કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પી. એચ. ટાંક અને શિક્ષણ નિયામક ડૉ. જે. એસ. પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમ પશુપાલકોની આર્થિક ઉન્નતિ માટે મહત્વનું પગલું સાબિત થશે. **સચિન પવાર**



**નવસારી પશુચિકિત્સા મહાવિદ્યાલય ખાતે ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી દરમિયાન "આધુનિક પશુપાલન અને મૂલ્યવર્ધન" વિષય પર ત્રિદિવસીય આવાસીય તાલીમનો પ્રારંભ થયો છે. કાર્યક્રમમાં પશુપાલકોને આત્મનિર્ભર બનાવવા માટે વૈજ્ઞાનિક માર્ગદર્શન અને બકરાપાલન વિષયક પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.**




# રાજ્ય કક્ષા બાળ પ્રતિભા શોધ: ડાંગના લિંગા ગામની જીત

**દૈનિક પલ્સ સમાચાર:** મોરબી: ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તેમજ કમિશ્નરની યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'રાજ્ય કક્ષા બાળ પ્રતિભા શોધ ૨૦૨૫-૨૬' મહોત્સવ મોરબીની ધરતી પર ધામધૂમથી સંપન્ન થયો હતો. મોરબીની વેદાંત ગ્લોબલ સ્કૂલ ખાતે આયોજિત આ સ્પર્ધામાં ગુજરાતના ખૂણેખૂણેથી આવેલા બાળ પ્રતિભાઓએ પોતાની કળાના કામણ પાથર્યા હતા.

આ રાજ્ય કક્ષાના કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોમાં રહેલી કલા-કૌશલ્યને પ્રોત્સાહન આપી તેમને યોગ્ય મંચ પૂરું પાડવાનો છે. આ મહોત્સવમાં સૌથી આકર્ષક એવી લોકનૃત્ય સ્પર્ધામાં ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાની લિંગા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભાના તેજ વેર્યા હતા. ડાંગની સંસ્કૃતિને જીવંત રાખતા આ બાળકોએ પોતાની મહેનત અને અનોખી નૃત્ય શૈલી દ્વારા નિર્ણાયકો તેમજ ઉપસ્થિત દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

કઠિન સ્પર્ધાના અંતે લિંગા પ્રાથમિક શાળાને સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ ક્રમ જાહેર કરવામાં આવ્યો હતો. અંતરિયાળ અને પહાડી વિસ્તારમાંથી આવતા આ બાળકોએ જ્યારે મોરબીના મંચ પર વિજેતા ટ્રોફી સ્વીકારી ત્યારે સમગ્ર હોલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યો હતો. આ વિજય લિંગા ગામ અને ડાંગ જિલ્લાની સાંસ્કૃતિક ધરોહરને રાજ્ય સ્તરે નવી ઓળખ અપાવનારો સાબિત થયો છે.

લિંગા પ્રાથમિક શાળાની આ ઐતિહાસિક સફળતા બદલ ડાંગ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા વિશેષ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ડાંગ જિલ્લા શિક્ષણ પરિવારે પણ આ વિજયને બાળકોની અથાક મહેનત અને શિક્ષકોના યોગ્ય માર્ગદર્શનનું પરિણામ ગણાવ્યું હતું. આવા આયોજનોથી ડાંગના ડુંગરાઓમાં વસતા બાળકોની પ્રતિભાને બહાર લાવવાની તક મળે છે અને જ્યારે આ બાળકો રાજ્ય સ્તરે પ્રથમ આવે છે ત્યારે સમગ્ર સમાજ માટે તે પ્રેરણાસ્ત્રોત બને છે. હાલમાં લિંગા ગામ અને ડાંગ જિલ્લામાં આ વિજયની ભવ્ય ઉજવણીનો માહોલ જોવા મળી રહ્યો છે. **રિપોર્ટ : સચિન પવાર**








# આહવા: DRDA ઓફિસ પાસે રાતોરાત દબાણ, તંત્રના પાપે જનતા પરેશાન

**દૈનિક પલ્સ સમાચાર:** આહવાના વહીવટી તંત્રની નિષ્ક્રિયતાનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. DRDA ઓફિસની બિલકુલ અડોઅડ આવેલી ખુલ્લી જગ્યા પર રાતોરાત તારની ફેન્સિંગ અને ગેરકાયદે ટપરી ખડકી દેવામાં આવી છે. આ દબાણ કોના ઈશારે અને કોની રહેમનજર હેઠળ થયું છે તે અત્યારે આહવા પંથકમાં ટોક ઓફ ધ ટાઉન બન્યું છે. શિક્ષણ કોલોનીના રસ્તા પર જ થયેલા આ અતિક્રમણને કારણે અવરજવરમાં પણ મુશ્કેલી પડી શકે છે.

લોકોનો આક્ષેપ છે કે સામાન્ય નાગરિકોને કાયદાનું ભાન કરાવતું તંત્ર માથાભારે ઈસમો સામે લાચાર દેખાઈ રહ્યું છે. મિશન મંગલમ કેન્ટીન પાસે થયેલું આ 'રાતોરાતનું ઓપરેશન' દર્શાવે છે કે અહીં નિયમોનું કોઈ અસ્તિત્વ જ નથી. તંત્રની કચેરીથી હાકલના અંતરે થયેલું આ દબાણ અધિકારીઓ જોઈ શકતા નથી કે જોવા માંગતા નથી? જનતામાં એવો સવાલ ઉભો થઈ રહ્યો છે કે શું આ કિંમતી જમીન કોઈ ખાનગી હિત સંતોષવા માટે પધરાવી દેવામાં આવી છે? જો આ દબાણ તાત્કાલિક દૂર કરવામાં નહીં આવે, તો તંત્રની મિલીભગત પર મહોર વાગી જશે તે નક્કી છે.

**રિપોર્ટ : સચિન પવાર**



**આહવા DRDA ઓફિસ અને શિક્ષણ કોલોની વચ્ચે કિંમતી જમીન પર રાતોરાત તારની ફેન્સિંગ સાથે દબાણ કરી દેવાયું છે. તંત્રની નાક નીચે કોઈ માથાભારે ઈસમે જમાવડો કર્યો હોવા છતાં અધિકારીઓના મૌન સામે અનેક શંકા-કુશંકાઓ જન્મી છે.**

# વાસદ: મહીસાગરમાં રેતી માફિયાઓ પર ત્રાટક્યું તંત્ર, 4.32 કરોડ જપ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** વાસદમાં મહીસાગર નદીના પટમાં ખનીજ માફિયાઓ જાણે કાયદાથી ઉપર હોય તેમ ગેરકાયદે રેતી ખનનનો ખેલ ખેલી રહ્યા છે. લાંબા સમયથી ચાલતી આ લૂંટ પર આખરે જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીએ લાલ આંખ કરી છે. કલેક્ટરના સીધા માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારી ડો. મયુરભાઈ પરમાર અને ગ્રામ્ય મામલતદાર સહિતની ટીમે વાસદ બ્રિજ પાસે ત્રાટકીને રેતી ચોરોનું નેટવર્ક વેરવિખેર કરી દીધું છે. આ રેડમાં જે આંકડા બહાર આવ્યા છે તે ચોંકાવનારા છે. તંત્રએ કુલ 25 બોટ-નાવડી, 7 એક્સકવેટર મશીન અને 25 પાઈપો સહિત ₹4.32 કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ તેલમ ગેલમ ચાલતા કૌભાંડમાં કેટલાક પરવાના ધારકો પણ છાના ખૂણે વધુ ખનન કરી તિજોરી ભરી રહ્યા હતા. ખનીજ વિભાગની નજર નીચે આટલું મોટું સામ્રાજ્ય કેવી રીતે ઊભું થયું તે પણ એક તપાસનો વિષય છે.

હાલ તો જપ્ત કરાયેલો તમામ સામાન વાસદ પોલીસને સોંપાયો છે, પણ શું આ માફિયાઓ સામે કાયમી લગામ કસાશે? કલેક્ટરે આ ઝુંબેશ ચાલુ રાખવાની ખાતરી આપી છે, પરંતુ જનતા ઈચ્છે છે કે માત્ર મશીનો જપ્ત કરવાને બદલે આ નેટવર્કના માસ્ટરમાઈન્ડ સુધી પહોંચવામાં આવે.



**આણંદના વાસદમાં મહીસાગરના પટને ચીરીને ગેરકાયદે રેતી ખનન કરતા માફિયાઓ પર તંત્ર ત્રાટક્યું છે. કલેક્ટરની સૂચનાથી પડેલી આ રેડમાં 25 બોટ અને 7 એક્સકવેટર સહિત ₹4.32 કરોડનો મુદ્દામાલ જપ્ત કરી ખનીજ ચોરોમાં ફફડાટ ફેલાવી દીધો છે. રિપોર્ટ : કિરણકુમાર ગોહેલ**

# સ્વામિનારાયણ ગુરુકુલમાં બોર્ડના વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે યોજાયો મહાયજ્ઞ

## ગુરુકુલમાં વિદ્યાર્થીઓ માટે દિવ્ય પંચકુંડી મહાયજ્ઞનું આયોજન

**દૈનિક પલ્સ સમાચાર:** શહેરના ગુરુકુલ સ્થિત ભગવાન શ્રી સ્વામિનારાયણના પવિત્ર સાનિધ્યમાં અને પૂજ્ય ગુરુજીની નિશ્રામાં એક દિવ્ય આધ્યાત્મિક ઉત્સવ 'પંચકુંડી મહાયજ્ઞ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન ખાસ કરીને ધોરણ-10 (CBSE અને GSEB) ના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું હતું, જેઓ ટૂંક સમયમાં બોર્ડની પરીક્ષામાં બેસવાના છે. વિદ્યાર્થીઓની સફળતા અને તેમના તેજસ્વી ભવિષ્ય માટે યોજાયેલા આ યજ્ઞમાં છાત્રોએ સંપૂર્ણ શ્રદ્ધા સાથે ભાગ લીધો હતો. યજ્ઞ દરમિયાન વિદ્યાર્થીઓએ વિષ્ણુસહસ્ત્રનામાવલી તેમજ વેદની મંત્રાવલીઓના શુદ્ધ ઉચ્ચારણ સાથે ભગવાન યજ્ઞનારાયણને આહુતિઓ આપી હતી. સંસ્થાના આધ્યાત્મિક વાતાવરણમાં વેદ મંત્રોના ગુંજારવથી એક અનોખી ઊર્જાનું નિર્માણ થયું હતું. આ દિવ્ય અનુભવ બાદ વિદ્યાર્થીઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે પૂજ્ય ગુરુજી અને સંસ્થાના મેનેજમેન્ટ દ્વારા મળેલા આ અમૂલ્ય લાભથી તેઓ બોર્ડની પરીક્ષામાં કોઈ પણ પ્રકારના માનસિક તણાવ વગર ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શકશે. યજ્ઞમાં વિદ્યાર્થીઓની સાથે વાલીઓએ પણ જોડાઈને આહુતિ આપી ધન્યતા અનુભવી હતી. યજ્ઞના પૂર્ણાહુતિના ભાગરૂપે બીડું હોમ્યા બાદ, સંસ્થાના વડા અને છાત્રોના આત્મિક ઘડતરકર્તા સ્વામી શ્રીકૃષ્ણસ્વરૂપશાસ્ત્રીજી મહારાજે એક વિશેષ વિધિ કરી હતી. તેમણે સાળંગપુરના મહાપ્રતાપી શ્રી હનુમાનજી મહારાજનું પ્રસાદીનું રક્ષાસૂત્ર દરેક વિદ્યાર્થીના કાંડે મંત્રોચ્ચાર સાથે બાંધ્યું હતું. સ્વામીજીએ દરેક છાત્રને વ્યક્તિગત રીતે પરીક્ષામાં સારા ટકાએ ઉત્તીર્ણ થવાના આશીર્વાદ પાઠવ્યા હતા અને તેમની મહેનત ફળે તેવી શુભકામનાઓ આપી હતી. આ સમગ્ર ધાર્મિક અને શૈક્ષણિક આયોજનને સફળ બનાવવામાં સંસ્થાના ટ્રસ્ટી કિશોર સર, આચાર્યા અમિતા શ્રીવાત્સવ, અલ્કામેમ, રૂપાલીમેમ તેમજ સમગ્ર શિક્ષકગણે રાત-દિવસ મહેનત કરી હતી. સંસ્થા દ્વારા કરવામાં આવેલા આ નવતર પ્રયોગની વાલીઓ અને શિક્ષણ જગતમાં ભારે પ્રશંસા થઈ રહી છે. આ આયોજન માત્ર એક ધાર્મિક વિધિ નહીં, પરંતુ વિદ્યાર્થીઓના આત્મબળમાં વધારો કરનારું એક પ્રેરક પગલું સાબિત થયું છે.

**રિપોર્ટ : ડી.જી.જાડેજા**



**શહેરના મધ્યમાં આવેલા સ્વામિનારાયણ ગુરુકુલ ખાતે બોર્ડની પરીક્ષા આપનારા ધોરણ-10 (CBSE અને GSEB) ના વિદ્યાર્થીઓની સફળતા માટે ભવ્ય પંચકુંડી મહાયજ્ઞ સંપન્ન થયો હતો. પૂજ્ય ગુરુજીના સાનિધ્યમાં વિદ્યાર્થીઓએ વિષ્ણુસહસ્ત્રનામાવલી અને વેદ મંત્રોના ગાન સાથે યજ્ઞમાં આહુતિઓ આપી હતી. આ દિવ્ય આયોજનથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસનો સંચાર થયો છે. યજ્ઞના અંતે સ્વામી શ્રીકૃષ્ણસ્વરૂપશાસ્ત્રીજી મહારાજે સાળંગપુર હનુમાનજીનું પ્રસાદીનું રક્ષાસૂત્ર દરેક વિદ્યાર્થીના કાંડે બાંધી પરીક્ષામાં તેજસ્વી સફળતા મેળવવા માટે મંગલ આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે વાલીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.**

# જોરાવરનગરમાં શ્રી હોલ માતા મંદિરનો ૧૦મો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

**દૈનિક પલ્સ સમાચાર:** સુરેન્દ્રનગરના જોરાવરનગરમાં આવેલ ગાંધી પરિવારના કુળદેવી શ્રી હોલ માતાજીના મંદિરે દર વર્ષની પરંપરા મુજબ ૧૦મી ફેબ્રુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે મંદિરના સ્થાપનાના ૧૦ વર્ષ પૂર્ણ થતા આયોજનમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. શ્રી હોલમાં સેવા ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૪ વર્ષથી જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર સમસ્ત જોરાવરનગર અને રતનપરના રહેવાસીઓ માટે સાંજનો મહાપ્રસાદ યોજવામાં આવે છે. આ વર્ષે ૧૦,૦૦૦થી પણ વધુ લોકોએ આ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. આ ધાર્મિક મહોત્સવ દરમિયાન પ્રતિભાઓના સન્માનનો કાર્યક્રમ પણ યોજાયો હતો. સમાજ અગ્રણી શ્રી ગિરીશભાઈ ગાંધીને તાજેતરમાં જ શૈક્ષણિક ક્ષેત્રે ડોક્ટરેટની પદવી પ્રાપ્ત થઈ છે, જે સમગ્ર સમાજ માટે ગૌરવની વાત છે. આ સિદ્ધિ બદલ મંદિરના મુખ્ય ભુવાશ્રીઓ મહેન્દ્રભાઈ ગાંધી, રાજુભાઈ ગાંધી અને કિરીટભાઈ ગાંધી દ્વારા તેમને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ શુભ પ્રસંગે જાણીતા સમાજ સેવક દુષ્યંતભાઇ આચાર્યએ પણ હાજરી આપી ગાંધી પરિવાર અને ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી. આ મહોત્સવે ભક્તિ અને સેવાના સમન્વય સાથે પંથકમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. **રિપોર્ટ : ડી.જી.જાડેજા**



**જોરાવરનગર સ્થિત ગાંધી પરિવારના કુળદેવી શ્રી હોલ માતા મંદિરે ૧૦માં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની શાનદાર ઉજવણી કરાઈ હતી. શ્રી હોલમાં સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત મહાપ્રસાદમાં ૧૦,૦૦૦થી વધુ ભાવિકો જોડાયા હતા. આ પ્રસંગે સમાજ અગ્રણીઓનું વિશેષ સન્માન પણ કરવામાં આવ્યું હતું.**




# વડોદરા: સાવન કૃપાલ રૂહાની મિશન દ્વારા ધ્યાન સાધના શિબિર

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા: સંસ્કારી નગરી વડોદરામાં સાવન કૃપાલ રૂહાની મિશન સેન્ટર ખાતે આધ્યાત્મિકતાનો પાવન સંગમ રચાયો હતો. પરમ સંત કૃપાલ સિંહજી મહારાજની ૧૩૨મી જન્મજયંતિ નિમિત્તે મિશન દ્વારા વિવિધ કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર આશ્રમ પરિસર શ્રદ્ધાળુઓની ભીડ અને ભક્તિમય વાતાવરણથી ઓતપ્રોત જોવા મળ્યું હતું.

દિવસની શરૂઆત વિશેષ ધ્યાન સાધના સત્રથી કરવામાં આવી હતી, જ્યાં ભક્તજનોએ પરમ સંતોના દિવ્ય પ્રકાશમાં ધ્યાન ધરી અંતરની શાંતિનો લ્હાવો લીધો હતો. કાર્યક્રમને રસપ્રદ બનાવવા માટે એક આધ્યાત્મિક ક્વિઝ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સંત કૃપાલ સિંહજી મહારાજના જીવન પ્રસંગો અને તેમના આધ્યાત્મિક ઉપદેશો પર આધારિત પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. ભક્તોએ અત્યંત ઉત્સાહપૂર્વક આ સ્પર્ધામાં ભાગ લઈ પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરી હતી.

આ અવસરનો મુખ્ય આકર્ષણ પરમ પૂજનીય સંત રાજીન્દર સિંહજી મહારાજનો ઓનલાઈન સંદેશ રહ્યો હતો. પોતાના સંદેશમાં તેમણે પરમ સંત કૃપાલ સિંહજી મહારાજના જીવન દર્શન પર પ્રકાશ પાડતા કહ્યું કે, મહારાજજીએ હંમેશા માનવતાને સર્વોપરી ગણી છે. તેમનો વિશ્વવ્યાપી મંત્ર ‘એક બનો, નેક બનો, એક રહો’ આજે વિશ્વમાં શાંતિ સ્થાપવા માટે સૌથી વધુ જરૂરી છે. સંત રાજીન્દર સિંહજીએ સમજાવ્યું કે ભલે મનુષ્યોમાં ધર્મ, ભાષા કે રંગના મતાંતરો હોય, પરંતુ આત્માના સ્તરે આપણે સૌ તે એક જ પિતા પરમેશ્વરના સંતાનો છીએ અને દિવ્ય પ્રેમના રેશમી દોરાથી જોડાયેલા છીએ. તેમણે વધુમાં જણાવ્યું કે માયાના આકર્ષણો આપણને આપણા સાચા સ્વરૂપથી અજાણ રાખે છે. આ અજ્ઞાનતાને દૂર કરવાનો એકમાત્ર માર્ગ 'ધ્યાન' છે. પ્રતિદિન ધ્યાન અભ્યાસ કરવાથી આપણે આપણી અંદર રહેલી એકતાનો અનુભવ કરી શકીએ છીએ અને જીવનના સર્વોચ્ચ લક્ષ્ય એટલે કે પ્રભુ પ્રાપ્તિને સિદ્ધ કરી શકીએ છીએ. સંત રાજીન્દર સિંહજીએ દરેકને પોતાના જીવનમાં સત્ય, અહિંસા અને નિઃસ્વાર્થ પ્રેમ જેવા ગુણો ધારણ કરવા અને પ્રકાશ પર્વના સન્માનમાં ધ્યાનને પ્રાથમિકતા આપવા વિનંતી કરી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ ભક્તજનોએ મહારાજજીના દર્શાવેલા માર્ગ પર ચાલવાનો દૃઢ સંકલ્પ લીધો હતો. સમગ્ર મિશન પરિવાર દ્વારા આ પાવન પર્વને શ્રદ્ધા, સમર્પણ અને આધ્યાત્મિક ઉર્જા સાથે મનાવવામાં આવ્યો હતો. મિશનની પ્રવૃત્તિઓ અને આગામી કાર્યક્રમો વિશે વધુ જાણકારી માટે ૮૭૨૫૪૬૭૧૧૦ પર સંપર્ક કરવા અથવા skrmzn12@gmail.com પર ઈમેલ કરવા જણાવાયું છે. **રિપોર્ટ : ચેતન રાજપૂત**



**વડોદરાના સાવન કૃપાલ રૂહાની મિશન ખાતે પરમ સંત કૃપાલ સિંહજી મહારાજની ૧૩૨મી જન્મજયંતિ નિમિત્તે વિશેષ ધ્યાન સાધના અને આધ્યાત્મિક કાર્યક્રમો યોજાયા હતા. સંત રાજીન્દર સિંહજી મહારાજે ઓનલાઈન સંદેશ દ્વારા 'એક બનો, નેક બનો' ના મંત્ર સાથે પ્રભુ ભક્તિની પ્રેરણા આપી હતી.**

# ડીસા શહેરની ટ્રાફિક સમસ્યા ઉકેલવા પોલીસ સક્રિય: SPએ કર્યું નિરીક્ષણ

**દૈનિક પલ્સ સમાચાર:** ડીસા શહેરમાં વધતા જતા વાહનોના પ્રવાહ અને સાંકડા રસ્તાઓને કારણે સર્જાતી ટ્રાફિક સમસ્યા હવે સ્થાનિકો માટે મોટી ચિંતાનો વિષય બની છે. આ સ્થિતિને ગંભીરતાથી લઈને બનાસકાંઠા જિલ્લા પોલીસ વડાએ શહેરના મહત્વના પોઈન્ટ્સનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે મુખ્ય બજાર, ભીડભાડવાળા સર્કલો અને હાઇવેને જોડતા રસ્તાઓ પર ટ્રાફિક કેવી રીતે નિયંત્રિત કરી શકાય તે અંગે સ્થળ પર જ વિગતો મેળવી હતી.

આ મુલાકાતમાં જિલ્લાના અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ સામેલ હતા, જેમની હાજરીમાં ટ્રાફિક વ્યવસ્થાને આધુનિક અને સુવ્યવસ્થિત બનાવવાના પ્લાનિંગ પર ચર્ચા થઈ હતી. પોલીસ વડાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે રસ્તાઓ પર ટ્રાફિકનો ભાર ઘટાડવો અને પાર્કિંગ વ્યવસ્થાને શિસ્તબદ્ધ કરવી એ અગ્રતા છે. પાર્કિંગ માટેના જાહેર કરાયેલા સ્થળોનો યોગ્ય ઉપયોગ થાય અને ટ્રાફિકના નિયમો તોડનારાઓ સામે દંડનીય કાર્યવાહી થાય તેની ખાતરી કરવા સૂચના આપવામાં આવી છે. વધુમાં, ટ્રાફિક સિગ્નલો અને પોલીસ જવાનોની ફરજ અંગે પણ જરૂરી ફેરફારો કરવા સૂચવ્યું છે. તંત્રના આ સક્રિય અભિગમથી શહેરની જનતાને ટ્રાફિક જામની હાલાકીમાંથી મુક્તિ મળશે તેવું જણાય છે. આગામી સમયમાં સ્થાનિક નગરપાલિકા અને ટ્રાફિક વિભાગ સાથે મળીને વધુ કડક ડ્રાઈવ ચલાવવાની પણ શક્યતા છે. **રિપોર્ટ ભાનુભાઈ પરમાર**



# લાખણીના મોટાકાપરા નજીક હાઇવે પર અકસ્માતમાં ખેરોલાની મહિલાનું મોત

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠાના લાખણી તાલુકાના મોટાકાપરા નજીક ડીસા હાઇવે પર આજે એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. આ ગમખ્વાર અકસ્માતમાં એક મહિલાએ પોતાનો જીવ ગુમાવ્યો છે, જ્યારે એક યુવક ગંભીર રીતે ઘાયલ થયો છે. મળતી માહિતી મુજબ, ખેરોલા ગામના બાબુભાઈ મલાભાઈ રબારી અને વિજયાબેન રબારી મોટરસાયકલ પર સવાર થઈને હાઇવે પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન નાયરા પેટ્રોલ પંપની સામે પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી એક લક્ઝુરિયસ એમ.જી. હેક્ટર કારના ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. કારે મોટરસાયકલને પાછળથી એટલી જોરદાર ટક્કર મારી હતી કે બાઈક પર સવાર બંને વ્યક્તિઓ રોડ પર જોરથી પટકાયા હતા. આ દુર્ઘટનામાં ૩૧ વર્ષીય વિજયાબેન રબારીને શરીરે અત્યંત ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું સ્થળ પર જ કરુણ મોત નીપજ્યું હતું. મોટરસાયકલ ચલાવતા ૩૩ વર્ષીય બાબુભાઈ રબારીને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી લોહીલુહાણ હાલતમાં તેમને તાત્કાલિક ડીસાની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. હાલમાં તેમની સ્થિતિ નાજુક હોવાનું જણાવાઈ રહ્યું છે અને તેઓ ICUમાં સારવાર હેઠળ છે. અકસ્માતને પગલે હાઇવે પર લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. પુરઝડપે વાહન ચલાવતા ચાલકોને કારણે નિર્દોષ લોકોએ જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. આ બનાવને લઈને ખેરોલા ગામ સહિત સમગ્ર લાખણી પંથકમાં ભારે ગમગીની છવાઈ ગઈ છે.

**રિપોર્ટ : ભાનુભાઈ પરમાર**



**લાખણી તાલુકાના મોટાકાપરા નજીક ડીસા હાઇવે પર એક પુરઝડપે આવતી એમ.જી. હેક્ટર કારે મોટરસાયકલને પાછળથી ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ખેરોલા ગામના વિજયાબેન રબારીનું કરુણ મોત નીપજ્યું છે, જ્યારે બાબુભાઈ રબારી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.**

# ભટારમાં પાલિકાએ દબાણો હટાવી રસ્તો ખુલ્લો કર્યો અને કુલ ચાર ટ્રક ભરીને ગેરકાયદે સામાન જપ્ત કર્યો

## સુરતના ભટારમાં પાલિકાની મોટી કાર્યવાહી. ૪ ટ્રક સામાન જપ્ત. ટ્રાફિક અને એમ્બ્યુલન્સને નડતા દબાણો દૂર કરાયા

**દૈનિક પલ્સ સમાચાર:** સુરત મહાનગરપાલિકાનું દબાણ વિભાગ અત્યારે ફુલ એક્શન મોડમાં હોવાનો ડોળ કરી રહ્યું છે. શહેરના ભટાર જેવા વ્યસ્ત વિસ્તારમાં, જ્યાં લારી-ગલ્લા અને પાથરણાવાળાઓએ જનતાના રસ્તાઓ પોતાની ખાનગી જાગીર સમજી લીધા હતા, ત્યાં આજે પાલિકાની ટીમ અચાનક ત્રાટકી હતી. આ કહેવાતી 'કડક' કામગીરી દરમિયાન પાલિકાએ ૪ ટ્રક ભરીને ગેરકાયદે સામાન જપ્ત કર્યો છે, જેનાથી રસ્તા પર અરાજકતા ફેલાવનારાઓમાં નાસભાગ મચી હતી. ભટાર ચાર રસ્તાથી બ્રેડલાઈનર સર્કલ સુધીનો રોડ શહેરની જીવાદોરી સમાન છે. પરંતુ અફસોસની વાત એ છે કે, આ જીવાદોરી પર ગેરકાયદે કેબિનો અને શાકભાજીની લારીઓએ કબજો જમાવી તેને 'મૃત્યુપાશ' બનાવી દીધો હતો. વર્ષોથી આ રોડ પર ટ્રાફિક જામની ગંભીર સમસ્યા હતી, જેનું મુખ્ય કારણ તંત્રની મિલીભગત અને દબાણકર્તાઓની દાદાગીરી હતી. સૌથી હૃદયદ્રાવક દ્રશ્યો ત્યારે જોવા મળતા જ્યારે ઇમરજન્સીમાં નીકળેલી એમ્બ્યુલન્સ પણ આ ગેરકાયદે બજારો વચ્ચે કલાકો સુધી ફસાયેલી રહેતી. જનતાના જીવ જોખમમાં મૂકીને ચાલતી આ હાટડીઓ સામે તંત્ર અત્યાર સુધી કેમ મૌન હતું? તે એક મોટો પ્રશ્ન છે.

સ્થાનિક કોર્પોરેટર હિમાંશુ રાઉલજી પણ આ કામગીરી દરમિયાન હાજર રહ્યા હતા. તેમણે દબાણકર્તાઓને કડક ભાષામાં ચેતવણી આપી કે જનતાની અડચણ ચલાવી લેવાશે નહીં. કોર્પોરેટરે ભલે રોજીરોટીની વાત કરી હોય, પરંતુ વાસ્તવિકતા એ છે કે કાયદો સર્વોપરી છે. પાલિકાની ટીમે આજે ચારે બાજુથી ઘેરો ઘાલીને ૪ ટ્રક જેટલો સામાન જપ્ત કર્યો છે. પરંતુ જનતા પૂછી રહી છે કે, જ્યારે આ દબાણો ફૂલતા-ફાલતા હતા ત્યારે આ જ અધિકારીઓ અને પ્રતિનિધિઓ ક્યાં હતા? શું આ માત્ર એક દિવસીય પ્રદર્શન છે કે પછી રસ્તાઓ ખરેખર રાહદારીઓ માટે ખુલ્લા રહેશે? ભટારમાં ૪ ટ્રક સામાન જપ્ત કરીને પાલિકાએ વાહ-વાહી મેળવવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ ભૂતકાળ સાક્ષી છે કે આવા સામાન પાછા પધરાવી દેવામાં આવે છે અથવા થોડા દિવસોમાં ફરીથી રસ્તાઓ દબાણોથી ભરાઈ જાય છે. જ્યાં સુધી વોર્ડ ઓફિસરો અને ટ્રાફિક પોલીસની જવાબદારી નક્કી કરવામાં નહીં આવે, ત્યાં સુધી ભટારની જનતાને ટ્રાફિકના નરકમાંથી કાયમી મુક્તિ મળવી અશક્ય છે. શું પાલિકા કાયમી ચોકી ગોઠવશે કે ફરીથી 'હપ્તા'ની લેતીદેતી શરૂ થશે? આ કામગીરીથી હાલ પૂરતો રાહતનો શ્વાસ લેતી જનતા પણ જાણે છે કે તંત્રની કડકાઈ માત્ર હંગામી હોઈ શકે છે.



**સુરતના ભટારમાં રસ્તા રોકીને બેઠેલા દબાણકર્તાઓ પર પાલિકાનું મોડું પણ આકરું વલણ જોવા મળ્યું છે. એમ્બ્યુલન્સ માટે પણ રસ્તો ન છોડતા લારી-ગલ્લાવાળાઓ સામે સપાટો બોલાવી ૪ ટ્રક સામાન જપ્ત કરી લેવાયો છે. તંત્રની આ કામગીરી કેટલી ટકાઉ રહેશે?**

# અમદાવાદ: અમરાઈવાડીમાં સ્લમ ક્વાર્ટર્સની ગેલેરી પડતા 40 લોકોનું રેસ્ક્યુ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા અમરાઈવાડીમાં સુખરામનગરના સ્લમ ક્વાર્ટર્સમાં ગેલેરી ધરાશાયી થતા અફરાતફરી મચી ગઈ હતી. સુખરામનગર પાણીની ટાંકી પાસે સ્થિત બ્લોક નંબર 12ના ક્વાર્ટર્સની ગેલેરી અચાનક તૂટી પડતા ભારે અવાજ સાથે કાટમાળ નીચે પટકાયો હતો. આ સમયે ગેલેરી પાસે હાજર એક વૃદ્ધને ઈજાઓ થતા તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. દુર્ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડના જવાનોએ યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી હતી. ગેલેરી તૂટી પડવાથી બહાર નીકળવાનો રસ્તો બંધ થઈ જતાં ઉપરના માળે 40થી વધુ રહીશો ફસાઈ ગયા હતા, જેમને ફાયર બ્રિગેડે સફળતાપૂર્વક રેસ્ક્યુ કરી સલામત સ્થળે ખસેડ્યા હતા. સ્થાનિક રહીશોમાં આ મામલે ભારે રોષ જોવા મળી રહ્યો છે કારણ કે આ મકાનોના રીડેવલોપમેન્ટની પ્રક્રિયા લાંબા સમયથી ચાલી રહી છે, છતાં કોઈ નક્કર કામગીરી ન થતા જનતાનો જીવ જોખમમાં મુકાયો છે. છેલ્લા બે મહિનામાં અહીં ગેલેરી પડવાનો આ બીજો કિસ્સો સામે આવ્યો છે. હાલમાં એએમસીના એસ્ટેટ વિભાગની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી છે અને ક્વાર્ટર્સના અન્ય ભયજનક ભાગોની ચકાસણી કરવામાં આવી રહી છે. કોઈ પણ મોટી જાનહાનિ ન થતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે, પરંતુ જર્જરિત સ્લમ ક્વાર્ટર્સ સામે હવે કડક કાર્યવાહીની માંગ ઉઠી રહી છે. **રિપોર્ટ : દિપેશ શ્રીમાળી**



**અમદાવાદના અમરાઈવાડીમાં સુખરામનગર ટાંકી પાસે સ્લમ ક્વાર્ટર્સની ગેલેરી ધરાશાયી. ફાયર બ્રિગેડે 40થી વધુ લોકોનું રેસ્ક્યુ કર્યું.**




## અમદાવાદમાં રાજસ્થાનનો કુખ્યાત ગેંગસ્ટર અમન બચ્ચા પકડાયો

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ: શહેર ક્રાઈમ બ્રાન્ચે એક અત્યંત મહત્વના ઓપરેશનમાં રાજસ્થાનના કુખ્યાત ગેંગસ્ટર અમન ઉર્ફે બચ્ચા અને તેના મુખ્ય સાગરીત સુહેબ ઉર્ફે ચિન્ટુ પઠાણને વાસણા વેજલપુર રોડ પરથી ઝડપી પાડ્યા છે. રવિ ગોદારા ગેંગનો આ કુખ્યાત સભ્ય લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે પણ ગાઢ સંપર્ક ધરાવે છે અને રાજસ્થાનમાં તેની વિરુદ્ધ હત્યા, હત્યાની કોશિશ અને ખંડણી જેવા ૨૦થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.

ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ આઈ.એન. ઘાસુરા અને તેમની ટીમે બાતમીના આધારે સતત સાત કલાક સુધી વોચ ગોઠવી હતી. જ્યારે આ ગેંગસ્ટરો ક્રેતા કારમાં પસાર થઈ રહ્યા હતા ત્યારે પોલીસે તેમને આંતરીને કોલર પકડીને કારમાંથી બહાર કાઢ્યા હતા. પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે અમન છેલ્લા ૬ વર્ષથી જેલમાં હતો અને માત્ર એક મહિના અગાઉ જ જામીન પર મુક્ત થયો હતો. રાજસ્થાનમાં પોલીસની કડક કાર્યવાહી અને એન્કાઉન્ટરના ડરથી તેણે અમદાવાદને પોતાનું નવું આશ્રયસ્થાન અને નેટવર્ક સેન્ટર બનાવવાનું નક્કી કર્યું હતું.

અમદાવાદમાં બે દિવસના રોકાણ દરમિયાન અમને અનેક હથિયાર ડીલરો, ડ્રગ્સ પેડલરો અને જમીન દલાલો સાથે મુલાકાત કરી હતી. તેનો મુખ્ય પ્લાન અમદાવાદમાં જમીનના સોદાઓમાં માથું મારીને ખંડણી ઉઘરાવવાનો અને અહીંના સ્થાનિક યુવાનોને ગેંગમાં ભરતી કરવાનો હતો. તેણે બે-ત્રણ ટાર્ગેટ પણ નક્કી કરી લીધા હતા, પરંતુ ગુનાને અંજામ આપે તે પહેલા જ ક્રાઈમ બ્રાન્ચે તેને દબોચી લીધો. જેલવાસ દરમિયાન પણ તે સોશિયલ મીડિયા દ્વારા ગેંગ ચલાવતો હતો. હાલમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે જરૂરી કાયદેસરની વિધિ પૂર્ણ કરી બંને આરોપીઓને કોટા (રાજસ્થાન) પોલીસને સોંપી દીધા છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે અમદાવાદમાં કોણે આ ગેંગસ્ટરોને આશરો આપ્યો હતો અને તે કોના કોના સંપર્કમાં હતો. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**







## રણછોડદાસજી બાપુ આશ્રમની નિઃશુલ્ક ટીફીન સેવાનો 22માં વર્ષમાં પ્રવેશ

**દૈનિક પલ્સ સમાચાર:** સેવા અને સમર્પણના પર્યાય સમાન શ્રી રણછોડદાસજી બાપુ આશ્રમ (શ્રી સદગુરૂ સદન ટ્રસ્ટ) દ્વારા રાજકોટ શહેરમાં ચલાવવામાં આવતી માનવતાવાદી 'નિઃશુલ્ક સદગુરૂ ટીફીન સેવા' તેના ૨૨માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે. આગામી ૧૨ ફેબ્રુઆરી, ગુરુવારના રોજ આ સેવાનું ૨૨મું વર્ષ પ્રારંભ થશે, જે છેલ્લા બે દાયકાથી હજારો નિરાધારોનો જઠરાગ્નિ ઠારી રહી છે.

પ.પૂ. રણછોડદાસજી બાપુના આદેશ અને માર્ગદર્શન હેઠળ શરૂ થયેલી આ સેવાનો મુખ્ય હેતુ એ છે કે રાજકોટમાં કોઈપણ અશક્ત, અપંગ કે સંતાનોથી ત્યજાયેલા વૃદ્ધ માં-બાપને ભૂખ્યા ન સુવું પડે. આ હેતુને સિદ્ધ કરવા માટે આશ્રમ દ્વારા દરરોજ બન્ને ટાઈમ ચાલે તેટલું શુદ્ધ અને પૌષ્ટિક ભોજન ટીફીન દ્વારા સીધું લાભાર્થીના ઘરે પહોંચાડવામાં આવે છે. આ સેવા વર્ષના ૩૬૫ દિવસ, રજાઓ કે વાવાઝોડા જેવી કુદરતી આફતોમાં પણ અટક્યા વગર અવિરત ચાલુ રહે છે. ભોજનની ગુણવત્તા અને વિવિધતાનું પણ એટલું જ ધ્યાન રાખવામાં આવે છે. દરરોજના મેનુમાં રોટલી, દાળ, ભાત અને શાક હોય છે, જ્યારે દર રવિવારે વૃદ્ધોને ભાવતું મિષ્ટાન અને ફરસાણ પીરસવામાં આવે છે. વિશેષ રૂપે ચૈત્ર માસમાં કેરીનો રસ પણ આપવામાં આવે છે, જે આશ્રમની સંવેદનશીલતા દર્શાવે છે. ટ્રસ્ટ દ્વારા જાહેર જનતાને વિનંતી કરવામાં આવી છે કે જો આપના ધ્યાનમાં કોઈ એવા વૃદ્ધ માં-બાપ હોય જેઓ લાચાર છે અને ભોજનની વ્યવસ્થા કરી શકે તેમ નથી, તો તેમને આશ્રમનો સંપર્ક કરાવવો.

આ નિઃશુલ્ક સેવા પ્રાપ્ત કરવા માટે લાભાર્થીએ પોતાનું નામ અને રહેઠાણનું સરનામું આશ્રમના કાર્યાલયમાં સાંજે ૪:૦૦ થી ૬:૦૦ વાગ્યા દરમિયાન નોંધાવવાનું રહેશે. રાજકોટમાં ચાલતી આ ટીફીન સેવા માત્ર અન્નદાન નથી, પરંતુ અનેક નિરાધારો માટે સન્માનપૂર્વક જીવવાનું માધ્યમ બની છે.



**રાજકોટના શ્રી રણછોડદાસજી બાપુ આશ્રમ દ્વારા નિરાધાર અને અશક્ત વૃદ્ધો માટે ચલાવવામાં આવતી નિઃશુલ્ક ટીફીન સેવાનો ૧૨ ફેબ્રુઆરીથી ૨૨માં વર્ષમાં પ્રારંભ થઈ રહ્યો છે. ૩૬૫ દિવસ કાર્યરત આ સેવાનો લાભ લેવા જરૂરીયાતમંદોએ આશ્રમના કાર્યાલયમાં નામ નોંધાવવા અપીલ કરાઈ**

## ગુજરાતમાં ફરી ઠંડીનો ચમકારો: ભેજ અને ધુમ્મસ વચ્ચે તાપમાન ગગડ્યું

**દૈનિક પલ્સ સમાચાર:** સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં હવામાનમાં સતત ફેરફાર જોવા મળી રહ્યો છે. છેલ્લા એક સપ્તાહ સુધી ઉનાળા જેવી આકરી ગરમીનો અનુભવ કર્યા બાદ ગઈકાલથી વાતાવરણમાં ફરી ઠંડક પ્રસરી છે. આજે સવારે રાજકોટ સહિતના વિસ્તારોમાં 8 થી 10 કિમીની ઝડપે ફૂંકાતા ઠંડા પવનને કારણે લોકોએ ગુલાબી ઠંડી અનુભવી હતી. રાજકોટમાં મહત્તમ તાપમાન 32 ડિગ્રી નોંધાતા બપોરના સમયે ગરમીમાં નોંધપાત્ર રાહત જોવા મળી છે. આજ સવારના તાપમાનના આંકડા જોઈએ તો રાજ્યના વિવિધ શહેરોમાં લઘુતમ તાપમાન ગગડ્યું છે. અમદાવાદમાં 15.8, ડીસામાં 15.4, વડોદરામાં 15.6 અને અમરેલીમાં 15.8 ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે. દરિયાકાંઠાના વિસ્તારોની વાત કરીએ તો વેરાવળમાં 18.3, પોરબંદરમાં 18.5 અને દ્વારકામાં 19.6 ડિગ્રી તાપમાન રહ્યું હતું. શિયાળાની વિદાયના ગણતરીના દિવસો બાકી છે ત્યારે પવનની દિશા અને ભેજના પ્રમાણને કારણે ઠંડીનો બીજો રાઉન્ડ જોવા મળી રહ્યો છે. જામનગર જિલ્લામાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ 86 ટકાએ પહોંચતા વહેલી સવારે સ્થિતિ વિકટ બની હતી. ગાઢ ધુમ્મસને કારણે હાઈવે પર વિઝિબિલિટી ઘટીને 100 ફૂટથી પણ ઓછી થઈ ગઈ હતી, જેને કારણે વહેલી સવારે નીકળેલા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જામનગરમાં પવનની ગતિમાં પણ 3 કિમીનો વધારો થયો છે, જે ઠંડીમાં વધારો કરી રહ્યો છે. હવામાન નિષ્ણાતોના મતે, વાતાવરણમાં ભેજનું વધતું પ્રમાણ અને પવનની ગતિમાં થતો ફેરફાર એ શિયાળાની વિદાય અને ઉનાળાના આગમન પૂર્વેની સંધિ કાળની નિશાની છે. આગામી બે-ત્રણ દિવસ સુધી આવું જ મિશ્ર વાતાવરણ જળવાઈ રહેવાની શક્યતા છે, ત્યારબાદ ગરમીનો પારો ફરી ઉંચકાય તેવા સંકેતો મળી રહ્યા છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**રાજકોટ અને સૌરાષ્ટ્રમાં આજે સવારે ભેજવાળા હવામાન અને ઠંડા પવનને કારણે ગુલાબી ઠંડીનો અનુભવ થયો હતો. જામનગરમાં 86% ભેજ સાથે ગાઢ ધુમ્મસ છવાતા વાહનચાલકોને મુશ્કેલી પડી હતી. મોટાભાગના શહેરોમાં લઘુતમ તાપમાન 15 થી 20 ડિગ્રી વચ્ચે નોંધાયું**

# રાજકોટ: રિંગરોડ-2 પર રિસર્ફેસિંગ કામગીરીને પગલે ટ્રાફિક ડાયવર્ઝન

## રાજકોટ રિંગરોડ-2: 5 જૂન સુધી ટ્રાફિક ડાયવર્ઝન જાહેર

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ: રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા) દ્વારા શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવાના ભાગરૂપે રીંગરોડ-2 ના ફેઝ-3 પર રિસર્ફેસિંગની કામગીરી હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગોંડલ રોડ અને ભાવનગર રોડને જોડતા આ વ્યસ્ત માર્ગ પર કામગીરી દરમિયાન વાહનચાલકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને ટ્રાફિક વ્યવસ્થા જાળવી રાખવા માટે વહીવટી તંત્ર દ્વારા ડાયવર્ઝન જાહેર કરવામાં આવ્યું છે. ઇન્ચાર્જ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન. મુછાર દ્વારા આ અંગેનું સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. જાહેરનામા અનુસાર, કોરાટ ચોકથી કાળીપાટ ચોક સુધીના રોડ પર રિસર્ફેસિંગની પ્રક્રિયા ચાલવાની હોવાથી 10 ફેબ્રુઆરી 2026 થી 5 જૂન 2026 સુધી ટ્રાફિકમાં ફેરફાર રહેશે. ભારે વાહનોને મુખ્ય માર્ગ પરથી પસાર થવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ વાહનોએ હવે કોરાટ ચોકથી આજીડેમ ચોક (11 કિ.મી.) અને ત્યાંથી રાજકોટ-ભાવનગર રોડ પર થઈ કાળીપાટ ચોક (7.60 કિ.મી.) સુધીના નિર્ધારિત વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવાનો રહેશે.

નાના અને હળવા વાહનો માટે કામના ભારણને પહોંચી વળવા તબક્કાવાર વ્યવસ્થા કરવામાં આવી છે:

- પ્રથમ તબક્કો (10 ફેબ્રુ થી 19 ફેબ્રુ): કોરાટ ચોકથી કોઠારીયા ચોકડી સુધી ડાયવર્ઝન.
- બીજો તબક્કો (19 ફેબ્રુ થી 8 માર્ચ): કોઠારીયા ચોકથી લાપાસરી ચોક સુધી.
- ત્રીજો તબક્કો (8 માર્ચ થી 20 માર્ચ): લાપાસરીથી વડાળી ચોક સુધી.
- ચોથો તબક્કો (20 માર્ચ થી 25 એપ્રિલ): વડાળીથી કાળીપાટ ચોકડી સુધી.

વહીવટી તંત્રએ સ્પષ્ટતા કરી છે કે આ પ્રતિબંધાત્મક આદેશો પોલીસ વાહનો, એમ્બ્યુલન્સ, ફાયર ફાઈટર અને અન્ય ઈમરજન્સી સેવાઓને લાગુ પડશે નહીં. રિસર્ફેસિંગની કામગીરી ઝડપથી અને સુરક્ષિત રીતે પૂર્ણ થાય તે માટે જાહેર જનતાને આ વૈકલ્પિક માર્ગો અપનાવી વહીવટી તંત્રને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે. આ જાહેરનામાના ઉલ્લંઘન બદલ શિક્ષાત્મક પગલાં લેવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (RUDA) દ્વારા ગોંડલ રોડથી ભાવનગર રોડને જોડતા રીંગરોડ-2 ના ફેઝ-3 પર રિસર્ફેસિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી દરમિયાન સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી કોરાટ ચોકથી કાળીપાટ ચોક સુધીના માર્ગ પર ટ્રાફિક ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. 10 ફેબ્રુઆરીથી 5 જૂન સુધી ભારે વાહનોએ આજીડેમ ચોક થઈને પસાર થવું પડશે. જ્યારે નાના વાહનો માટે તબક્કાવાર કોઠારીયા, લાપાસરી અને વડાળી થઈને વૈકલ્પિક માર્ગો નક્કી કરાયા છે. ઈમરજન્સી વાહનો સિવાય તમામ ચાલકોએ આ જાહેરનામાનું પાલન કરવાનું રહેશે.**

# રાજકોટમાં ફૂટ ઓવરબ્રિજના નામે વર્ષોથી જનતાને અપાય છે માત્ર આશ્વાસન

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ મનપાનું નઘરોળ તંત્ર ફરી એકવાર ફૂટ ઓવરબ્રિજના સપના વેચવા નીકળ્યું છે. એક તરફ મેટ્રોના રૂટનું બહાનું ધરીને ત્રિકોણબાગ જેવા ગીચ વિસ્તારોના બ્રિજ પ્લાન મોકૂફ રખાયા છે, તો બીજી તરફ ૧૫૦ ફૂટ રિંગરોડ પર બિગ બજાર અને અમીન માર્ગ પાસે બે ફૂટ ઓવરબ્રિજ બનાવવા ટેન્ડર બહાર પાડ્યા છે. આ આખાય ખેલમાં જનતાની સુવિધા કરતા એજન્સીઓનો ફાયદો વધુ દેખાઈ રહ્યો છે. બીઓટી ધોરણે ૧૦.૧૭ કરોડના ખર્ચે બનનારા આ બ્રિજ સાથે ૨૨ ગેન્ટ્રી બોર્ડ લગાવવાની મંજૂરી આપીને તંત્રએ હોર્ડિંગ્સ માફિયાઓ માટે રસ્તો સાફ કરી દીધો છે. ૧૦.૭ કિમીના બીઆરટીએસ ટ્રેકને કારણે રાહદારીઓએ રોડ ક્રોસ કરવા કિલોમીટરો સુધી રખડવું પડે છે, પણ તંત્ર વર્ષોથી માત્ર પ્લાનિંગમાં જ વ્યસ્ત છે. દોઢ દાયકા પહેલા કાલાવડ રોડ પર સ્વામીનારાયણ મંદિર સામે બ્રિજના પાયા નાખ્યા બાદ તોડી પડાયા હતા, તે શરમજનક ઘટના આજે પણ રાજકોટવાસીઓ ભૂલ્યા નથી. અધિકારીઓ હવે નવી બોડીના કાર્યકાળમાં કામ શરૂ થવાની આશા આપી રહ્યા છે, પરંતુ વારંવાર બદલાતા પ્લાન અને મોકૂફ રહેતી યોજનાઓ જોતા આ ટેન્ડર પણ માત્ર કાગળ પરની કવાયત હોય તેમ લાગે છે. શહેરના રાજમાર્ગો પર ચાલતા લોકોની પીડા સમજવાને બદલે મનપા માત્ર આંકડાની રમત રમી રહી છે.



**રાજકોટમાં ફૂટ ઓવરબ્રિજના પ્રોજેક્ટ્સ અધિકારીઓની અણઆવડતનો ભોગ બન્યા છે. મેટ્રોના બહાને જૂના પ્લાન અભેરાઈએ ચડાવી, હવે બિગ બજાર અને અમીન માર્ગે ૧૦ કરોડના ખર્ચે નવા બ્રિજના ટેન્ડર બહાર પાડી જનતાની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ શરૂ થયો છે. હાર્દિક ચંદારાણા**







# રાજકોટ: 5000ના હપ્તામાં ડમ્પરોને અપાય છે મોતની પરમિટ!

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ શહેરના રાજમાર્ગો હવે માફિયાઓ માટેની ગલીઓ બની ગયા હોય તેમ લાગે છે. કોંગ્રેસના ફાયરબ્રાન્ડ નેતા ગાયત્રીબા વાઘેલાએ આજે એક સનસનીખેજ સ્ટિંગ ઓપરેશનનો વિડીયો જાહેર કરી પોલીસ અને આરટીઓ (RTO) તંત્રના ભ્રષ્ટાચારને નગ્ન કર્યો છે. આ વિડીયોમાં જે રીતે આક્ષેપો કરવામાં આવ્યા છે તે જોતા લાગે છે કે શહેરમાં જનતાના જીવની રક્ષા કરવાના શપથ લેનારા અધિકારીઓ જ ડમ્પર માફિયાઓના ભાગીદાર બની બેઠા છે.

ગાયત્રીબા વાઘેલાએ સીધો પ્રહાર કરતા જણાવ્યું છે કે, રાજકોટમાં ટ્રાફિકના નિયમોનું સરેઆમ ચીરહરણ થઈ રહ્યું છે. ખનીજ ચોરીના કાળા કારોબાર સાથે જોડાયેલા ડમ્પરો કોઈ પણ પ્રકારના નંબર કે કાગળો વગર પૂરપાટ ઝડપે દોડી રહ્યા છે. આ ડમ્પરોને પોલીસ ચોકી કે આરટીઓની કચેરી નડતી નથી, કારણ કે ત્યાં 'હપ્તા' ની સંજીવની કામ કરે છે. આક્ષેપ મુજબ, એક ડમ્પર દીઠ 500 થી લઈને 5000 રૂપિયા સુધીના માસિક કે સાપ્તાહિક હપ્તા ઉઘરાવવામાં આવે છે. આ હપ્તા ભરાઈ જાય એટલે ડમ્પર ચાલકને યમદૂત બનીને શહેરના રસ્તાઓ પર કોઈનો પણ જીવ લેવાની છૂટ મળી જતી હોય તેમ તે બેફામ ગતિએ વાહન હંકારે છે.

સૌથી વધુ ચોંકાવનારો સવાલ એ છે કે, આખા શહેરમાં હાઈ-ટેક સીસીટીવી કેમેરાની જાળ બિછાવેલી હોવા છતાં, આ મોટા ડમ્પરો કેમ ક્યારેય ટ્રાફિક સિગ્નલ તોડતા કે નંબર પ્લેટ વગર ફરતા પકડાતા નથી? શું પોલીસની નેત્રમ ચેનલ માત્ર હેલ્મેટ ન પહેરનારા મધ્યમ વર્ગના લોકોને દંડવા માટે જ બનાવવામાં આવી છે? ગાયત્રીબાએ આક્ષેપ કર્યો છે કે, તંત્રની આ ગુનાહિત બેદરકારીને કારણે અનેક પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે. રોડ પર જે અકસ્માતો થાય છે તે અકસ્માત નથી, પરંતુ તંત્ર દ્વારા કરવામાં આવેલી 'હત્યા' છે, કારણ કે હપ્તા લઈને આવા જોખમી વાહનોને શહેરમાં પ્રવેશવાની પરવાનગી જ કેમ અપાય છે? આ સ્ટિંગ ઓપરેશન બાદ રાજકોટના વહીવટી તંત્રમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. જોકે, સવાલ એ ઊભો થાય છે કે શું આ આક્ષેપો બાદ કોઈ ઉચ્ચ સ્તરીય તપાસ થશે? કે પછી દર વખતની જેમ ભીનું સંકેલી લેવામાં આવશે? દૈનિક પલ્સ સમાચાર પૂછે છે કે શું રાજકોટના પોલીસ કમિશનર અને આરટીઓ અધિકારીઓ આ હપ્તાખોરીના વિડીયો બાદ કોઈ નૈતિક જવાબદારી સ્વીકારશે? જનતા હવે આ ડમ્પર રૂપી યમદૂતોથી કંટાળી ગઈ છે અને તંત્રના આ ભ્રષ્ટાચાર સામે ન્યાયની માંગ કરી રહી છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**





# જૂનાગઢ શિવરાત્રી મેળા માટે રાજકોટ એસટી દ્વારા એક્સ્ટ્રા બસ દોડાવાશે

**દૈનિક પલ્સ સમાચાર:** જૂનાગઢની ગિરનાર તળેટીમાં આજથી ભવ્ય મહાશિવરાત્રી મેળાનો મંગલ પ્રારંભ થયો છે. મેળાના પ્રથમ દિવસે જ ભાવિકોનો પ્રવાહ જૂનાગઢ તરફ વળતા રાજકોટ એસટી બસપોર્ટ પર ભારે ધસારો જોવા મળી રહ્યો છે. આ ભીડને નિયંત્રિત કરવા અને મુસાફરોની સુવિધા માટે રાજકોટ એસટી વિભાગ દ્વારા 11 થી 15 ફેબ્રુઆરી સુધી વિશેષ સંચાલન હાથ ધરવામાં આવ્યું છે. રાજકોટ એસટી વિભાગના ડિવિઝનલ ટ્રાફિક ઓફિસર એચ. આર. કટારાએ જણાવ્યું કે, મુસાફરોની જરૂરિયાત મુજબ 30 વધારાની બસો ફાળવવામાં આવી છે. જેમાં રાજકોટ ડેપોની 10 બસો ઉપરાંત ગોંડલ (8), વાંકાનેર (3), મોરબી, સુરેન્દ્રનગર અને લીંબડી (2-2) તથા ચોટીલાની 1 બસનો સમાવેશ થાય છે. આ બસો દ્વારા અંદાજે 180 ટ્રીપ કરવામાં આવશે. મુસાફરો પાસેથી એક્સ્ટ્રા બસના નિયમ મુજબ સવા ગણું ભાડું લેવામાં આવશે, જે ખાનગી બસોના તોતિંગ ભાડા કરતા ઘણું ઓછું અને સલામત હશે. ડેપો મેનેજર ઘનશ્યામ ચગના જણાવ્યા અનુસાર, શિવરાત્રી અને લગ્નગાળાને કારણે મુસાફરોની સંખ્યા વધતા ડેપોની આવક રૂ. 10 લાખથી વધીને 12 લાખ થઈ છે, જ્યારે ડિવિઝનની કુલ આવક 70 લાખને પાર પહોંચી છે. માત્ર જૂનાગઢ જવા માટે જ નહીં, પરંતુ મેળામાંથી પરત ફરતા મુસાફરો માટે રાજકોટથી અમદાવાદ, વડોદરા અને જામનગર તરફ જવા પણ એક્સ્ટ્રા બસો ગોઠવવામાં આવી છે. જો મુસાફરોની સંખ્યા હજુ વધશે તો વધારાની બસો તાત્કાલિક ધોરણે મુકવાની તૈયારી પણ વિભાગ દ્વારા રાખવામાં આવી છે. આમ, એસટી તંત્ર દ્વારા ભાવિકો માટે પરિવહનની તમામ કડીઓ મજબૂત કરવામાં આવી છે.




# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં વિશ્વ કઠોળ દિવસ નિમિત્તે ખેડૂત માર્ગદર્શન શિબિર

**દૈનિક પલ્સ સમાચાર:** સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે 'વિશ્વ કઠોળ દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કઠોળ સંશોધન કેન્દ્ર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ખેડૂતોને તકનીકી રીતે સજ્જ કરવા માટે વિવિધ સત્રો યોજાયા હતા. કાર્યક્રમના પ્રારંભે યુનિટ હેડ ડૉ. એમ.એસ. પટેલે શાબ્દિક સ્વાગત કર્યું હતું, જ્યારે ડૉ. અશોક ચૌધરીએ કેન્દ્ર દ્વારા વિકસાવવામાં આવેલી વિવિધ જાતો અને સંશોધનોની વિગતો આપી હતી.

નિષ્ણાત વૈજ્ઞાનિકોની ટીમે કઠોળ પાકોમાં પોષણમૂલ્ય, સુધારેલી વાવણી પદ્ધતિઓ અને જીવાત નિયંત્રણના અસરકારક ઉપાયો વિશે ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. ખાસ કરીને ડૉ. દાનાભાઈ જાદવ અને ડૉ. હર્ષ પુરોહિતના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલા તકનીકી સ્ટોલે ખેડૂતોમાં આકર્ષણ જમાવ્યું હતું. કુલપતિ ડૉ. એસ. ડી. સોલંકીએ મુખ્ય અતિથિ પદેથી ખેડૂતોને પરંપરાગત ખેતીની સાથે કઠોળ જેવા રોકડિયા અને જમીન સુધારક પાકો લેવા અનુરોધ કર્યો હતો. વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. પી. એસ. પટેલ અને અન્ય અગ્રણીઓએ પણ ખેડૂતોને વૈજ્ઞાનિક ખેતીના ફાયદા સમજાવ્યા હતા. ફાર્મ મુલાકાત દરમિયાન ખેડૂતોએ પ્રત્યક્ષ રીતે પાકનું નિરીક્ષણ કરી પોતાની મૂંઝવણોનું નિરાકરણ લાવ્યું હતું. આ સમગ્ર આયોજનનો મુખ્ય હેતુ ખેડૂતોની આવક બમણી કરવા અને જમીનનું સ્વાસ્થ્ય જાળવવાનો હતો. **રિપોર્ટ વિશાલ ચૌહાણ**



**સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં ૧૦ ફેબ્રુઆરીએ 'વિશ્વ કઠોળ દિવસ'ની ઉજવણી કરાઈ હતી. કુલપતિ ડૉ. એસ. ડી. સોલંકીની ઉપસ્થિતિમાં ખેડૂતોને કઠોળના પાકની આધુનિક ખેતી પદ્ધતિ, સુધારેલી જાતો અને રોગ-જીવાત નિયંત્રણ અંગે વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.**

# ભરૂચ જિલ્લા ભાજપ દ્વારા પંડિત દીનદયાલ ઉપાધ્યાયને ભાવભીની પુષ્પાંજલિ

## ભરૂચ: પંડિત દીનદયાલ ઉપાધ્યાયની પુણ્યતિથિએ ભાજપની પુષ્પાંજલિ

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ: ભારતીય જનતા પાર્ટીની વિચારધારાના સ્તંભ અને મહાન રાષ્ટ્રભક્ત પંડિત દીનદયાલ ઉપાધ્યાયની પુણ્યતિથિ નિમિત્તે ભરૂચ જિલ્લા ભાજપ દ્વારા ગરિમાપૂર્ણ રીતે 'સમર્પણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. ૧૧મી ફેબ્રુઆરીના રોજ ભરૂચ જિલ્લા ભાજપ કાર્યાલય અને વિવિધ સ્થળોએ પંડિતજીને ભાવભીની પુષ્પાંજલિ અર્પણ કરવાના કાર્યક્રમો યોજાયા હતા.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા અને પ્રદેશ કારોબારી સભ્ય ડૉ. આસવભાઈ પટેલે પંડિત દીનદયાલ ઉપાધ્યાયના જીવનના સંઘર્ષ અને તેમની રાષ્ટ્રભક્તિ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, પંડિતજીએ આપેલો 'એકાત્મ માનવવાદ' અને 'અંત્યોદય'નો વિચાર આજે સરકારની અનેક યોજનાઓનું મૂળ છે. છેવાડાના માનવી સુધી સુખ-સુવિધા પહોંચે તે જ પંડિતજીનું સાચું સપનું હતું અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર તે જ પથ પર આગળ વધી રહી છે. તેમણે પંડિતજીના સંગઠનાત્મક કૌશલ્યને પણ યાદ કર્યું હતું, જેના કારણે આજે ભાજપ વિશ્વનો સૌથી મોટો રાજકીય પક્ષ બન્યો છે. પુષ્પાંજલિ કાર્યક્રમ દરમિયાન ભરૂચ જિલ્લા ભાજપના અગ્રણીઓએ પંડિત દીનદયાલ ઉપાધ્યાયની પ્રતિમા પર પુષ્પગુચ્છ અર્પણ કરી તેમના આદર્શોને નમન કર્યા હતા. કાર્યકર્તાઓએ આ દિવસને 'સમર્પણ દિવસ' તરીકે ઉજવીને રાષ્ટ્રહિત માટે પોતાની શક્તિઓ અર્પવાનો સંકલ્પ કર્યો હતો. ડૉ. આસવભાઈએ વધુમાં ઉમેર્યું કે, પંડિતજીના વિચારો પક્ષના કાર્યકર્તાઓ માટે હંમેશા માર્ગદર્શક રહ્યા છે અને તેમની નિઃસ્વાર્થ સેવાવૃત્તિ આજે પણ પ્રત્યેક કાર્યકર્તામાં નવી ઉર્જા પૂરે છે.

આ પ્રસંગે જિલ્લા ભાજપના વિવિધ પાંખના હોદ્દેદારો, શહેર પ્રમુખ, નગરપાલિકાના સદસ્યો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાયું હતું. કાર્યક્રમના અંતે પંડિતજીના વિચારોના પ્રસાર માટે અને સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે સૌ કાર્યકર્તાઓએ હૃદયપૂર્વક શપથ લીધા હતા. ભરૂચ જિલ્લામાં યોજાયેલો આ કાર્યક્રમ પંડિત દીનદયાલ ઉપાધ્યાયના પવિત્ર સ્મરણો અને તેમની સેવાઓને સમર્પિત રહ્યો હતો. **રિપોર્ટ : શૈલેષ સોલંકી**



**નર્મદા જિલ્લાના રાજપીપલા ખાતે ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખની અધ્યક્ષતામાં 'હાથીપગા મુક્ત' જનજાગૃતિ અભિયાન યોજાયું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, આરોગ્ય વિભાગ દ્વારા ૨ વર્ષથી ઉપરના નાગરિકોને ડી.ઈ.સી. અને આલ્બેન્ડાઝોલની ગોળીઓ આપી સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવી રહ્યું છે. ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ચાલનારા આ અભિયાનમાં ૪૮૭ ટીમો નાંદોદ અને ડેડિયાપાડાના ૨૮૩ ગામોમાં ઘરે-ઘરે જઈને દવા ગળાવશે. વિદ્યાર્થીઓએ પણ આ ઝુંબેશમાં જોડાઈને લોકોને દવા લેવા અપીલ કરી હતી.**

# આહીર સમાજનો તૃતીય સમૂહ લગ્નોત્સવ, 11 દંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા

**દૈનિક પલ્સ સમાચાર:** માંગરોળ તાલુકાના લોએજ ગામે આહીર સમાજ દ્વારા યોજાયેલા તૃતીય સમૂહ લગ્નોત્સવે સામાજિક સમરસતાનો સુંદર સંદેશ પાઠવ્યો છે. સોળ સંસ્કારોમાં મહત્વના એવા લગ્ન સંસ્કારને વધુ અર્થપૂર્ણ બનાવવાના હેતુથી આયોજિત આ મહોત્સવમાં 11 નવદંપતીઓ પવિત્ર જીવનબંધનમાં જોડાયા હતા. આજના ખર્ચાળ સમયમાં સમૂહ લગ્ન એ સમાજની મોટી જરૂરિયાત છે. આ કાર્યક્રમમાં દાતાશ્રીઓના ઉદાર આર્થિક સહયોગ અને સમાજના સ્વયંસેવકોની નિઃસ્વાર્થ મહેનત જોવા મળી હતી. લગ્નલેખનથી લઈને લગ્નવિધિ સુધીના તમામ આયોજનો ખૂબ જ સુવ્યવસ્થિત અને વૈભવી રીતે કરવામાં આવ્યા હતા. લોએજ સ્વામિનારાયણ મંદિર દ્વારા સમાજને સહયોગરૂપે વાડીની સુવિધા પૂરી પાડવામાં આવી હતી, જે બદલ આયોજકોએ મંદિરનો આભાર માન્યો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત રહેલા સંતો-મહંતો અને સમાજના અગ્રણીઓએ નવદંપતીઓને આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમોથી સમાજમાં દેખાદેખી દૂર થાય છે અને આર્થિક બોજ ઓછો થાય છે. મહેમાનોએ આયોજનની ચોકસાઈ અને વ્યવસ્થા જોઈને ટીમ લોએજની કામગીરીને બિરદાવી હતી. આ સમૂહ લગ્નોત્સવ માત્ર લોએજ પૂરતો સીમિત ન રહેતા સમગ્ર આહીર સમાજ માટે પ્રેરણારૂપ બની રહ્યો છે અને આવનારા સમયમાં વધુ પરિવારો આવા આયોજનમાં જોડાય તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

**રિપોર્ટ : હર્ષ ભરડા**









# વડાલીની શાળામાં બાળકોને કૃમિનાશક ગોળીઓનું વિતરણ કરાયું


**દૈનિક પલ્સ સમાચાર:** વડાલી: બાળકોનું સ્વાસ્થ્ય એ રાષ્ટ્રની સાચી સંપત્તિ છે, અને આ સંપત્તિના જતન માટે ભારત સરકાર દ્વારા દર વર્ષે રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ અંતર્ગત વડાલી નગરની પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થા શ્રી બીજી શાસ્ત્રી હાઇસ્કુલમાં એક મહત્વપૂર્ણ આરોગ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં કૃમિ સંક્રમણ વિશે જાગૃતિ ફેલાવતા આરોગ્ય નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, કૃમિ (કરિમિયા) બાળકોના પાચનતંત્રમાં ઘર કરી જાય છે અને તેઓ જે ખોરાક લે છે તેમાંથી પોષક તત્વો શોષી લે છે. આ પ્રક્રિયાને કારણે બાળકોના શારીરિક અને માનસિક વિકાસમાં ગંભીર અવરોધો ઉભા થાય છે. ખાસ કરીને ગ્રામીણ અને શહેરી વિસ્તારોના બાળકોમાં કૃમિના કારણે લોહીની ઉણપ (એનિમિયા), પેટમાં ચૂંક આવવી, ચહેરા પર સફેદ સપોર્ટ (ડાઘ) થવા, સતત બેચેની રહેવી અને શારીરિક અશક્તિ જેવા લક્ષણો વારંવાર જોવા મળતા હોય છે.

આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે વડાલી યુએચસીના હેલ્થ કાર્યકર મહેશ ચૌહાણ અને તેમની સમર્પિત હેલ્થ ટીમ દ્વારા શાળાના કેમ્પસમાં કે.જી. થી લઈ ઉચ્ચતર માધ્યમિક એટલે કે ધોરણ 12 સુધીના તમામ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા હતા. ટીમના સભ્યોએ દરેક વર્ગખંડમાં જઈને બાળકોને કૃમિનાશક ગોળી 'આલ્બેન્ડાઝોલ' નું વિતરણ કર્યું હતું. મહત્વની વાત એ છે કે, આ ગોળી ગળી જવાને બદલે ચાવીને ખાવાની હોય છે, જેની સમજ પણ બાળકોને પ્રત્યક્ષ રીતે આપવામાં આવી હતી. મહેશ ચૌહાણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, માત્ર દવા લેવાથી કામ પૂરું થતું નથી, પરંતુ જીવનશૈલીમાં ફેરફાર પણ જરૂરી છે. તેમણે બાળકોને ખુલ્લામાં શૌચ ન કરવા, હંમેશા શૌચાલયનો ઉપયોગ કરવા, પગમાં ચંપલ પહેરવા અને ખાસ કરીને જમતા પહેલા અને શૌચ ક્રિયા બાદ હાથને સાબુથી બરાબર સાફ કરવા જેવી સ્વચ્છતાની આદતો કેળવવા અનુરોધ કર્યો હતો.

શ્રી બીજી શાસ્ત્રી હાઇસ્કુલના આચાર્ય અને શિક્ષકગણે આ કાર્યક્રમને સફળ બનાવવામાં પૂરો સહયોગ આપ્યો હતો. શિક્ષકોએ પણ વિદ્યાર્થીઓને આ દવાનું મહત્વ સમજાવ્યું હતું જેથી કોઈ બાળક દવાથી વંચિત ન રહી જાય. આરોગ્ય વિભાગની આ સક્રિયતાને કારણે સેંકડો વિદ્યાર્થીઓને કૃમિ મુક્ત કરી તેમના તંદુરસ્ત ભવિષ્યની દિશામાં એક મજબૂત પગલું ભરવામાં આવ્યું છે. અંતમાં હેલ્થ ટીમે દરેક બાળકનું હેલ્થ સ્ટેટસ જાણી જરૂરી સલાહ-સૂચનો આપી કાર્યક્રમનું સમાપન કર્યું હતું. **રિપોર્ટ : વિશાલ ચૌહાણ**





# ધોળકા-ખેડા હાઈવે પર અકસ્માતમાં એક્ટિવા સવાર વૃદ્ધનું કરૂણ મોત

**દૈનિક પલ્સ સમાચાર:** ધોળકા તાલુકાના રામપુર ગામના પાટીયા પાસે હાઈવે પર એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. આ અકસ્માતમાં એક્ટિવા સવાર વૃદ્ધ જયંતીભાઈ દેવજીભાઈ પટેલનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. ઘટનાની વિગતો મુજબ, જયંતીભાઈ આજે સવારે 10:30 કલાકે ધોળકા GIDCમાં કામ કરતા તેમના ભાઈને ટિફિન પહોંચાડવા ઘરેથી નીકળ્યા હતા. રામપુર પાટીયા પાસે હાઈવે પર વળાંક લેતી વખતે પાછળથી આવતી એક મિની ટ્રકના ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી જયંતીભાઈના એક્ટિવાને અડફેટે લીધું હતું. અકસ્માતને પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને લોહીલુહાણ હાલતમાં જયંતીભાઈને પાર્શ્વનાથ હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે તેમને અમદાવાદની ઝાયડસ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં બપોરે 12:17 વાગ્યે તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતકના પુત્રએ જણાવ્યું કે, ટ્રક ચાલકની બેદરકારીને કારણે તેના પિતાએ જીવ ગુમાવ્યો છે. અકસ્માત બાદ ટ્રક ચાલક પકડાઈ જવાની બીકે વાહન રસ્તા પર જ મૂકીને નાસી ગયો હતો. હાલમાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સોલા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. પરિવારે ટ્રક નંબર GJ-06-ZZ-4509 ના ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માટે રજૂઆત કરી છે.

**રિપોર્ટ : ભાવેશ રાઠોડ**



**ધોળકા-ખેડા હાઈવે પર રામપુર પાટીયા પાસે મિની ટ્રકની ટક્કરે એક્ટિવા સવાર જયંતીભાઈ પટેલનું મોત નીપજ્યું છે. તેઓ ટિફિન આપવા જઈ રહ્યા હતા ત્યારે પાછળથી આવતી ટ્રકે ટક્કર મારી હતી. અમદાવાદની ઝાયડસ હોસ્પિટલમાં તેમને મૃત જાહેર કરાયા હતા.**

# જગડુપુર ગામે અમૂલ ડિરેક્ટરના પુત્રના લગ્ન પ્રસંગે મહાનુભાવો ઉમટ્યા

**દૈનિક પલ્સ સમાચાર:** કપડવંજ તાલુકાના જગડુપુર ગામમાં આજે સહકારી અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓની હાજરી વચ્ચે એક ભવ્ય લગ્ન સમારોહ યોજાયો હતો. અમૂલ ડેરીના જાણીતા ડિરેક્ટર ભુરાભાઈ લક્ષ્મણસિંહ સોલંકીના સુપુત્રના લગ્ન પ્રસંગે આજે અનેક મહાનુભાવો અને રાજકીય-સામાજિક અગ્રણીઓ જગડુપુર ખાતે ઉમટી પડ્યા હતા. આ શુભ પ્રસંગે નવદંપતીને આશીર્વાદ આપવા માટે શ્રી ધુળસિંહ સોલંકી અને ગણપતસિંહ સોલંકી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અશોકસિંહ, સચિનસિંહ પરમાર અને જયેશસિંહ પરમાર સહિતના યુવા અને વરિષ્ઠ આગેવાનોએ પણ લગ્ન પ્રસંગમાં હાજરી આપીને શોભા વધારી હતી. ઉપસ્થિત તમામ મહેમાનોએ ભુરાભાઈ સોલંકી સાથે મુલાકાત કરી હતી અને તેમના પુત્રના લગ્ન બદલ સોલંકી પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

લગ્ન પ્રસંગના આયોજનમાં જગડુપુર ગ્રામજનોનો પણ સહયોગ રહ્યો હતો. અમૂલ જેવી મોટી સંસ્થાના ડિરેક્ટર હોવાને નાતે ભુરાભાઈ સોલંકીના આંગણે યોજાયેલા આ પ્રસંગમાં સહકારી માળખાના અનેક નાના-મોટા હોદ્દેદારોએ પણ હાજરી આપી હતી. પરંપરાગત રીત-રિવાજો સાથે યોજાયેલા આ લગ્ન પ્રસંગે આવેલા તમામ અતિથિઓએ નવવિવાહિત યુગલને ઉજ્જવળ અને સુખમય ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.



**ખેડાના કપડવંજ તાલુકાના જગડુપુર ગામે અમૂલના ડિરેક્ટર ભુરાભાઈ સોલંકીના પુત્રના લગ્ન પ્રસંગે વિવિધ આગેવાનોએ હાજરી આપી હતી. આ શુભ પ્રસંગે ધુળસિંહ સોલંકી અને ગણપતસિંહ સોલંકી સહિતના મહાનુભાવોએ નવદંપતીને મળીને સુખમય જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી. રિપોર્ટ : દિપક પરમાર**

# ખેડબ્રહ્માની જ્યોતિ હાઈસ્કુલ દ્વારા પ્રકૃતિના સાનિધ્યમાં પર્યાવરણ શિબિર યોજાઈ

## ખેડબ્રહ્મા: ઇકો ક્લબ દ્વારા તીખી મગરી ખાતે પર્યાવરણ શિબિર



**દૈનિક પલ્સ સમાચાર:** વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલતા વધે અને સાહસિક ગુણોનો વિકાસ થાય તે હેતુથી હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત જ્યોતિ હાઇસ્કુલની ઇકો ક્લબ દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી હતી. શાળા દ્વારા દામાવાસ તીખી મગરીના મયુર કેમ્પસાઈટ ખાતે એક દિવસીય પર્યાવરણ શિબિર અને ટ્રેકિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

5 ફેબ્રુઆરી 2026, ગુરુવારના રોજ સવારે 11:00 કલાકે વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક બસ દ્વારા તીખી મગરીના પહાડી વિસ્તારમાં પહોંચ્યા હતા. ટ્રેકિંગની શરૂઆત કરતા પહેલા શિક્ષકો દ્વારા પર્વતારોહણ દરમિયાન રાખવાની સાવચેતીઓ અને શિસ્ત અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પહાડની કેડીઓ પર ચાલતી વખતે બાળકોએ તાજી હવા અને પક્ષીઓના કલરવ વચ્ચે કુદરતી વનસ્પતિનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન તેઓએ ચેકડેમ અને તળાવની મુલાકાત લઈ જળ સંચયનું મહત્વ સમજ્યું હતું અને પર્યાવરણના જતન માટેના શપથ લીધા હતા.

ટ્રેકિંગ પૂર્ણ કર્યા બાદ મયુર કેમ્પસાઈટ પર એકત્ર થયેલા વિદ્યાર્થીઓએ ઘરેથી લાવેલું પૌષ્ટિક અને શુદ્ધ ભોજન એકબીજા સાથે વહેંચીને લીધું હતું. ખુલ્લા આકાશ નીચે સમૂહ ભોજનનો આ અનુભવ બાળકો માટે અદભુત રહ્યો હતો. શિબિરના બૌદ્ધિક સત્રમાં પક્ષીપ્રેમી મયુરભાઈ રાઠોડે પ્રકૃતિના જતનને પ્રગતિનો પાયો ગણાવ્યો હતો. નિવૃત્ત શિક્ષક શાંતિલાલ પટેલે પ્રકૃતિના સંરક્ષણને આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી સમજાવ્યું હતું.

ઇકો ક્લબના ઇન્ચાર્જ અમૃતભાઈ માળીએ 'પાણી બચાવો પૃથ્વી બચાવો' વિષય પર વિસ્તૃત સમજ આપી હતી અને બાળકોને 'વાણી અને પાણી' વિચારીને વાપરવાની જીવનલક્ષી શીખ આપી હતી. સમગ્ર શિબિર દરમિયાન પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવામાં આવ્યો હતો, જે આજના સમયમાં એક અનુકરણીય ઉદાહરણ છે. અજીતસિંહ દેવડા અને અનિલભાઈ ગામીતના સુચારુ આયોજન હેઠળ આ શિબિર 'સ્વસ્થ પર્યાવરણ, સુંદર પર્યાવરણ' ના સંકલ્પ સાથે પૂર્ણ થઈ હતી. આ શિબિરે વિદ્યાર્થીઓના જીવનમાં પ્રકૃતિ પ્રત્યે નવો દ્રષ્ટિકોણ પૂરો પાડ્યો હતો.

**રિપોર્ટ : વિશાલ ચૌહાણ**

**જ્યોતિ હાઇસ્કુલ ખેડબ્રહ્માની ઇકો ક્લબ દ્વારા વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી તીખી મગરીના મયુર કેમ્પસાઈટ ખાતે પર્યાવરણ શિબિર યોજાઈ હતી. 5 ફેબ્રુઆરીના રોજ આયોજિત આ શિબિરમાં વિદ્યાર્થીઓએ પહાડી વિસ્તારમાં ટ્રેકિંગનો આનંદ માણ્યો હતો. મયુરભાઈ રાઠોડ અને શાંતિલાલ પટેલ જેવા તજજ્ઞોએ બાળકોને પ્રકૃતિના જતન વિશે સમજ આપી હતી. ઇકો ક્લબ ઇન્ચાર્જ અમૃતભાઈ માળીએ 'પાણી બચાવો, પૃથ્વી બચાવો' નો સંદેશ આપ્યો હતો. પ્લાસ્ટિક મુક્ત રહેવાના સંકલ્પ સાથે આ શિબિર સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.**

# વાવના ગોલાગામ માર્ગને પહોળો કરવા સરપંચ સંગઠનની કલેક્ટરને રજૂઆત

**દૈનિક પલ્સ સમાચાર:** વાવમાં માર્ગ અને મકાન વિભાગની કામગીરી શંકાના દાયરામાં આવી છે. લોદરાણીથી ગોલાગામ સુધીનો ૪૦ કિમીનો માર્ગ અત્યંત દયનીય સ્થિતિમાં હોવા છતાં, અધિકારીઓ તેને પહોળો કરવાના બદલે માત્ર રિસરફેસિંગ મંજૂર કરીને લોકરોષ વહોરી રહ્યા છે. સરપંચ સંગઠનનો આક્ષેપ છે કે, સાંકડા રસ્તા પર વધતા વાહનોના ભારણ સામે રિસરફેસિંગ એ માત્ર હંગામી 'આઈવોશ' છે.

ક્ષેત્રપાલ દાદાના મંદિરે દર વર્ષે મહા મહિનામાં લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે, ત્યારે આ સાંકડો માર્ગ કલાકો સુધી ટ્રાફિક જામ સર્જે છે. રસ્તાની બંને બાજુની જમીન બેસી ગઈ હોવાથી અકસ્માતોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ખાસ કરીને રાત્રિના સમયે સામસામે વાહનો આવતા ચાલકોને રસ્તો શોધવો મુશ્કેલ બને છે. સંગઠને કલેક્ટરને પત્ર લખીને ચેતવણી આપી છે કે, જો પાયો મજબૂત કર્યા વિના માત્ર ડામરનું પડ ચઢાવવામાં આવશે, તો તે સરકારી ભંડોળનો સીધો વ્યય હશે. જનતાના પ્રશ્નોને પ્રાથમિકતા આપવાના બદલે તંત્ર માત્ર કોન્ટ્રાક્ટરોના હિત સાચવતું હોય તેમ જણાય છે. દૈનિક પલ્સ સમાચાર આ નઘરોળ તંત્રને સવાલ કરે છે કે ક્યાં સુધી જનતાના જીવ સાથે આવી રમત રમાશે? **રીપોર્ટ : વશાભાઈ વાલડીયા**



**વાવમાં તંત્રની આંખ આડા કાન કરવાની નીતિ સામે સરપંચ સંગઠન મેદાને પડ્યું છે. લોદરાણી-ગોલાગામ માર્ગ રિસરફેસિંગના નામે માત્ર 'થીગડા' મારી સરકારી નાણાંનો ધુમાડો કરવાની પેરવી થઈ રહી છે, જેનો સ્થાનિકોએ ઉગ્ર વિરોધ કર્યો છે.**




# રાજનીતિશાસ્ત્ર વિભાગ દ્વારા પંડિત દીનદયાલજીને પુષ્પાંજલિ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ: ગુજરાત યુનિવર્સિટીના સમાજવિજ્ઞાન ભવનમાં કાર્યરત રાજનીતિશાસ્ત્ર વિભાગ દ્વારા પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીની પુણ્યતિથિ નિમિત્તે એક વિશેષ શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બુધવારે 11 ફેબ્રુઆરી 2026ના રોજ યુનિવર્સિટી કેમ્પસના કક્ષ S-3 ખાતે આયોજિત આ કાર્યક્રમમાં શૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓએ પંડિત દીનદયાલજીના પવિત્ર સ્મરણોને તાજા કર્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીના તૈલીચિત્ર સમક્ષ દીપ પ્રાગટ્ય અને પુષ્પાંજલિ વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે વિભાગના વરિષ્ઠ પ્રાધ્યાપક ડૉ. સુજાતા સોની ઓનાટ્ટુ, ડૉ. હિતેશ આર. પટેલ અને ડૉ. રંજના સી. ધોળકિયા વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. વક્તાઓએ પંડિત દીનદયાલજીના દાર્શનિક વિચારો પર ભાર મુકતા જણાવ્યું હતું કે, તેમણે આપેલો 'એકાત્મ માનવવાદ'નો સિદ્ધાંત માનવજાતને ભૌતિકવાદ અને આધ્યાત્મિકતા વચ્ચે સંતુલન જાળવવાની પ્રેરણા આપે છે.

વધુમાં, સમાજના વંચિત અને શોષિત વર્ગના ઉત્થાન માટેનો તેમનો 'અંત્યોદય'નો વિચાર આજે દેશની અનેક કલ્યાણકારી યોજનાઓનો પાયો બન્યો છે. આજના સમયમાં જ્યારે વિશ્વ અનેક સંઘર્ષોમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે દીનદયાલજીના વિચારો શાંતિ અને સર્વસમાવેશક વિકાસ માટે વધુ પ્રસ્તુત બન્યા છે. શ્રદ્ધાંજલિ સભામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને સંબોધતા પ્રાધ્યાપકોએ જણાવ્યું કે, પંડિતજી માત્ર એક રાજકીય નેતા નહોતા પરંતુ એક કુશળ સંગઠક અને ઉમદા પત્રકાર પણ હતા, જેમણે પાયાના સ્તરથી રાષ્ટ્રની સેવા કરી હતી.

કાર્યક્રમના અંતમાં તમામ ઉપસ્થિતોએ બે મિનિટનું મૌન પાળી મહાન દેશભક્તને અંજલિ અર્પી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને સમાપન રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના સંકલ્પ સાથે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પંડિત દીનદયાલજીના જીવન પર આધારિત સાહિત્યનું વાંચન કરવાનો અને તેમના આદર્શોને પોતાના જીવનમાં ઉતારવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. આ શ્રદ્ધાંજલિ સભાએ યુનિવર્સિટીના શૈક્ષણિક માહોલમાં રાષ્ટ્રભક્તિ અને સામાજિક જવાબદારીનો સંચાર કર્યો હતો. **રિપોર્ટ : જગદીશ**






# હિંમતનગર: HNSB સાયન્સ કોલેજમાં બે દિવસીય રાજ્યકક્ષાની પરિષદ યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** હિંમતનગરની HNSB સાયન્સ કોલેજમાં તાજેતરમાં શૈક્ષણિક અને પર્યાવરણીય ક્ષેત્રે એક મહત્વપૂર્ણ રાજ્યકક્ષાની પરિષદ સંપન્ન થઈ. બોટની વિભાગ અને IQAC દ્વારા આયોજિત આ બે દિવસીય પરિષદનો વિષય "ભારતીય જ્ઞાન પ્રણાલી દ્વારા હરિયાળું ભવિષ્ય" હતો. કાર્યક્રમમાં હિંમતનગરના ધારાસભ્ય વી.ડી. ઝાલાએ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી અને ભારતીય સંસ્કૃતિમાં વણાયેલા પર્યાવરણ પ્રેમના તત્ત્વોને આજના સમયમાં અપનાવવા અનુરોધ કર્યો હતો.

પરિષદના મુખ્ય વક્તા ડૉ. બી.એલ. પુંજાણીએ પ્રાચીન વિજ્ઞાન અને આધુનિક ગ્રીન ટેકનોલોજી વચ્ચેના સેતુ અંગે ઊંડાણપૂર્વક સમજણ આપી હતી. આ ઉપરાંત નડિયાદ, મોડાસા અને GTU અમદાવાદના નિષ્ણાત વક્તાઓએ સંશોધન અને પર્યાવરણ સંરક્ષણ પર વ્યાખ્યાનો આપ્યા હતા. વિશેષ મહેમાન તરીકે દિલીપભાઈ શાહ અને કેળવણી મંડળના ઉપપ્રમુખ ડૉ. યશવંતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કોન્ફરન્સમાં સમગ્ર ગુજરાતની વિવિધ કોલેજોમાંથી 150 થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ અને રિસર્ચ સ્કોલર્સે પોતાના સંશોધનો પોસ્ટર અને મૌખિક પ્રસ્તુતિ દ્વારા રજૂ કર્યા હતા. ઓર્ગેનાઈઝિંગ કમિટીના ડૉ. એમ.એમ. પ્રજાપતિ, ડૉ. જે.એસ. પટેલ અને ડૉ. એમ.પી. ટીંટીસરાની જહેમતથી આયોજન સફળ રહ્યું હતું. અંતમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર સ્પર્ધકોને પુરસ્કાર આપી નવાજવામાં આવ્યા હતા, જેણે ભવિષ્યના સંશોધકોમાં નવો ઉત્સાહ જગાડ્યો છે.

**રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર**



# સાવધાન: ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા કરી લૂંટતી મહિલા ટોળકી ઝડપાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** સોશિયલ મીડિયા પર વધતી અશ્લીલતા અને ગુનાખોરીની વચ્ચે એક ચોંકાવનારું હનીટ્રેપ રેકેટ ખુલ્લું પડ્યું છે. ઈન્સ્ટાગ્રામ પર યુવકોને મેસેજ કરી મિત્રતાના બહાને બોલાવી લૂંટતી ચાર મહિલાઓની ધરપકડ કરવામાં આવી છે. આ ટોળકી એટલી શાતિર હતી કે તેઓ આયોજનબદ્ધ રીતે યુવકોને અવાવરુ જગ્યાએ બોલાવતી અને પછી અપહરણનું નાટક કરી લાખોની ખંડણી માંગતી હતી.

આ ઘટના બાદ સમાજમાં ભારે આક્રોશ છે. લોકોનું કહેવું છે કે સ્ત્રી હોવાનો ફાયદો ઉઠાવીને આ મહિલાઓએ પવિત્ર સંબંધોને બદનામ કર્યા છે. જનતા હવે માંગ કરી રહી છે કે આ લૂંટારૂ મહિલાઓ સામે કોઈ પણ પ્રકારની દયા દાખવ્યા વિના આજીવન કેદ જેવી કડક સજા ફટકારવામાં આવે. સોશિયલ મીડિયા પર લોકો કોમેન્ટ્સ કરી રહ્યા છે કે આ ટોળકીને પાઠ ભણાવવા માટે તેમનું જાહેર બજારમાં સરઘસ કાઢવું જોઈએ અને મહિલા પોલીસે તેમની 'ધમધમાટી' બોલાવવી જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ પણ આવી હિંમત ન કરે. શું કાયદો આ ગુનેગારોને જનતાની ઈચ્છા મુજબ સજા આપશે? તે મોટો સવાલ છે.



**સોશિયલ મીડિયા હવે ગુનેગારોનું હબ બન્યું છે. ઈન્સ્ટાગ્રામ પર મિત્રતાની જાળ બિછાવી યુવકોનું અપહરણ કરી પૈસા પડાવતી ચાર લૂંટારૂ મહિલાઓ ઝડપાઈ છે. આ શરમજનક ઘટનાથી જનતામાં રોષ છે અને કડક સજાની માંગ ઉઠી છે. રિપોર્ટર : મનસુખ વાળા**

# લંડનથી પરત ફરેલા ડભોઈના ખેડૂતની પ્રાકૃતિક ખેતીમાં અદભૂત સફળતા

## ડભોઈ: લંડનનું ભવિષ્ય છોડી ખેડૂતે ખેતીમાં કરી લાખોની કમાણી

**દૈનિક પલ્સ સમાચાર:** ડભોઈ: આજનો યુવા વર્ગ જ્યારે વિદેશી ધરતી પર ડોલરમાં કમાવવાના સપના જોતો હોય છે, ત્યારે ડભોઈ તાલુકાના સેગુવાડા ગામના એક યુવા ખેડૂતે માટીના મૂલ્યને ઓળખીને એક નવી રાહ ચીંધી છે. ભદ્રેશભાઈ ભોગીલાલ પટેલે લંડનની સુખ-સુવિધાઓ છોડીને પોતાના ગામમાં પ્રાકૃતિક ખેતી દ્વારા સફળતાનું નવું શિખર સર કર્યું છે.

ભદ્રેશભાઈની આ સફરની શરૂઆત એક ભાવનાત્મક વળાંકથી થઈ હતી. ૨૦૧૬માં જ્યારે તેઓ લંડનમાં અભ્યાસ કરતા હતા, ત્યારે તેમના પિતાને લિવરની ગંભીર બીમારીને કારણે ટ્રાન્સપ્લાન્ટ કરાવવું પડ્યું હતું. તબીબોના મતે વર્ષો સુધી જંતુનાશક દવાઓવાળા ખોરાકના સેવનને કારણે આ સ્થિતિ સર્જાઈ હતી. આ વાત ભદ્રેશભાઈના હૃદયમાં ઘર કરી ગઈ. તેમણે નક્કી કર્યું કે જે ઝેરને કારણે તેમના પિતા બીમાર પડ્યા, તે ઝેર તેઓ કોઈના થાળી સુધી પહોંચવા નહીં દે.

તેમણે માત્ર ૪૫ દિવસમાં દેશના વિવિધ રાજ્યોનો પ્રવાસ કરી પ્રાકૃતિક ખેતીની ઝીણવટભરી વિગતો મેળવી અને વતનમાં આવીને ૩૦ વિઘા જમીનમાં પ્રયોગો શરૂ કર્યા. રાસાયણિક ખાતરોને તિલાંજલિ આપીને તેમણે ૭૦ ગાયોના પાલન સાથે ગાય આધારિત ખેતી શરૂ કરી. આજે તેમના ખેતરમાં માત્ર પરંપરાગત ઘઉં કે ડાંગર જ નહીં, પરંતુ કેરી, ટામેટા, રીંગણ, કોબી અને આધુનિક ગણાતી બ્રોકોલી તેમજ લેટીસ જેવી શાકભાજી પણ લહેરાય છે. વર્ષ ૨૦૨૦થી તેઓ સરકારના 'આત્મા' (ATMA) પ્રોજેક્ટ સાથે જોડાયેલા છે. આજે તેઓ પોતાના ફાર્મ પર તૈયાર થતા જીવામૃત અને ઘનજીવામૃત દ્વારા જમીનને ફળદ્રુપ રાખે છે. પશુપાલન અને પ્રાકૃતિક ખેતીના સમન્વયથી તેઓ વાર્ષિક ૧૫ થી ૨૦ લાખની આવક મેળવી રહ્યા છે. ભદ્રેશભાઈનું માનવું છે કે ખેતી એ વ્યવસાય કરતાં વધુ સમાજસેવા છે. તેમની વાર્તા એવા યુવાનો માટે લાલબત્તી સમાન છે જેઓ વિદેશમાં જ સફળતા માને છે. ભદ્રેશભાઈએ સાબિત કરી બતાવ્યું કે જો નિષ્ઠા અને સાચી પદ્ધતિ હોય, તો પોતાની માટીમાં પણ સોનું પકવી શકાય છે. તેમની આ સફળતાથી આજે આસપાસના અનેક ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે.



**ડભોઈ તાલુકાના સેગુવાડા ગામના ભદ્રેશભાઈ પટેલે વિદેશી ઝાકઝમાળ છોડી માટી સાથે જોડાવાનો નિર્ધાર કર્યો. ૨૦૧૬માં પિતાની માંદગીનું કારણ જંતુનાશક યુક્ત ખોરાક હોવાનું જણાતા, ભદ્રેશભાઈએ લંડનથી પરત ફરી પ્રાકૃતિક ખેતી શીખવાનું નક્કી કર્યું. આજે તેઓ ૩૦ વિઘામાં બહુપાક પદ્ધતિથી અનાજ, ફળ અને શાકભાજી ઉગાડે છે. ૭૦ ગાયોના પાલન સાથે જીવામૃતનો ઉપયોગ કરી તેઓ ઝેરમુક્ત ખેતી કરે છે. 'આત્મા' પ્રોજેક્ટ સાથે જોડાઈને તેઓ આજે વાર્ષિક લાખોની આવક મેળવવાની સાથે સમાજને સ્વસ્થ આહાર પૂરો પાડી રહ્યા છે.**

# પાદરા: સાધી ગામેથી ૧૨ બોરની શોર્ટ ગન સાથે બે શખ્સોની ધરપકડ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવાના ભાગરૂપે ગેરકાયદેસર હથિયારો રાખતા તત્વો સામે તંત્ર સક્રિય બન્યું છે. પોલીસ અધિક્ષકની સૂચના મુજબ ચાલી રહેલા 'ઓપરેશન પરાક્રમ' અંતર્ગત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ને પાદરા તાલુકામાં સફળતા મળી છે.

SOGની ટીમ પાદરા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે મોજે સાધી ગામના બે શખ્સો સરસવણી તરફથી બાઈક પર ગેરકાયદેસર હથિયાર લઈને પસાર થવાના છે. આ બાતમીના આધારે પોલીસે સાધી ગામે રણું વાળા રોડ પર વોચ ગોઠવી હતી. આ દરમિયાન મહેબુબખાં કેસરખાં પઠાણ (ઉ.વ. ૪૫) અને ઇનાયતભાઇ ઉસ્માનભાઇ ઘાંચી (ઉ.વ. ૨૫) શંકાસ્પદ હાલતમાં બાઈક પર મળી આવ્યા હતા. તેમની પાસે રહેલી થેલીની તપાસ કરતા તેમાંથી ૧૨ બોરની ડબલ બેરેલ શોર્ટ ગન મળી આવી હતી. પોલીસે આરોપીઓ પાસેથી હથિયાર ઉપરાંત એક કારતૂસ, બાઈક અને બે મોબાઈલ ફોન મળી કુલ ૬૦,૦૫૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. પ્રાથમિક પૂછપરછમાં વડોદરા શહેરના અન્ય એક આરોપી જાફર બાપુનું નામ ખુલતા તેને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. બંને આરોપીઓ વિરુદ્ધ પાદરા પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.






# સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયાનો આપઘાત પ્રયાસ


**દૈનિક પલ્સ સમાચાર:** બોટાદ/ભાવનગર: ગુજરાત પોલીસની છબી ખરડાય તેવી એક હચમચાવનારી ઘટના સામે આવી છે. ભાવનગરના સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયાએ બોટાદમાં ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે. આ ઘટના બોટાદના સાળંગપુર રોડ પર આવેલા એક ખાનગી ગેસ્ટહાઉસમાં બની હતી. નયના બારૈયાને ગંભીર હાલતમાં હરિઓમ હોસ્પિટલના ICUમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સ્થિતિ નાજુક હોવાનું તબીબો જણાવી રહ્યા છે.

આ આત્મહત્યાના પ્રયાસ કરતા પહેલા નયના બારૈયાએ એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો છે, જેણે પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓની કાર્યશૈલી પર અનેક સવાલો ઉભા કર્યા છે. આ વીડિયોમાં નયનાએ ભાવનગરના DySP રીમાબા ઝાલા પર માનસિક ત્રાસ આપવાના અને કિન્નાખોરી રાખી હેરાન કરવાના અત્યંત ગંભીર આક્ષેપો કર્યા છે. નયનાનો આરોપ છે કે તેને ખોટી રીતે સસ્પેન્ડ કરવામાં આવી અને ત્યારબાદ પણ DySP દ્વારા તેનું શોષણ અને પજવણી ચાલુ રાખવામાં આવી હતી.

નયના બારૈયાના ભાઈએ હોસ્પિટલની બહાર મીડિયા સમક્ષ આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, "મારી બહેન DySP રીમાબા ઝાલાના અસહ્ય ત્રાસને કારણે આ સ્થિતિમાં પહોંચી છે. ઉચ્ચ અધિકારી હોવાનો અર્થ એ નથી કે તમે કોઈના જીવન સાથે રમત રમો." પરિવારે માગણી કરી છે કે જ્યાં સુધી DySP રીમાબા ઝાલા વિરુદ્ધ એફઆઈઆર (FIR) નોંધવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ શાંત નહીં બેસે.

આ ઘટના પોલીસ વિભાગમાં ચાલતા આંતરિક વિખવાદ અને 'વર્દીના જોરે' ચાલતી પજવણીનો ખુલાસો કરે છે. DySP કક્ષાના અધિકારી સામે જ્યારે કોઈ કર્મચારી જાહેરમાં આટલા આક્ષેપ કરે, ત્યારે તેની ગંભીરતા વધી જાય છે. શું ભાવનગર પોલીસ અને ગૃહ વિભાગ આ મામલે દૂધનું દૂધ અને પાણીનું પાણી કરશે? કે પછી પોતાની જ બિરાદરીના અધિકારીને બચાવવા માટે નયના બારૈયાના અવાજને દબાવી દેવામાં આવશે? આ મામલો અત્યારે સમગ્ર રાજ્યમાં ચર્ચાનો વિષય બન્યો છે અને DySP રીમાબા ઝાલાની મુશ્કેલીઓ વધી શકે તેમ છે. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**






# શીવદર્શન ડુપ્લેક્સમાં મોટા કૌભાંડનો ખુલાસો: બિલ્ડરો સામે ઠગાઈની ફરિયાદ

**દૈનિક પલ્સ સમાચાર:** મંજુસર: સાવલી તાલુકાના મંજુસર વિસ્તારમાં રિયલ એસ્ટેટના નામે ચાલતી કાળી કમાણી અને કાયદાકીય છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો છે. શીવદર્શન ડુપ્લેક્સ નામના પ્રોજેક્ટમાં બિલ્ડરોએ મકાન માલિકો અને સરકારી તંત્ર સાથે કરેલી ગંભીર ઠગાઈ મામલે મંજુસર પોલીસ સ્ટેશનમાં બ્રેકિંગ ફરિયાદ દાખલ થઈ છે. આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર નિકુંજ સાપરા અને ભરત હિરપરા હોવાનું સામે આવ્યું છે. આરોપ છે કે પ્રોજેક્ટમાં નિયમો વિરુદ્ધ બાંધકામ થયું હોવાથી તેને ઓક્યુપન્સી સર્ટિફિકેટ (OC) મળતું નહોતું. આ નુકસાનની ભરપાઈ કરવા અને પ્રોજેક્ટને ગમે તે રીતે પાસ કરાવવા માટે બિલ્ડરોએ છેતરપિંડીનો નવો જ કીમિયો અપનાવ્યો હતો. જે મકાન માલિકો મૃત્યુ પામ્યા છે અથવા તો જેઓ વિદેશમાં સ્થાયી થયા છે, તેમની જાણ બહાર તેમની નકલી સહીઓ કરીને સોગંદનામા અને દસ્તાવેજો ઊભા કરવામાં આવ્યા હતા. આ બોગસ દસ્તાવેજો VUDA કચેરીમાં રજૂ કરી સરકારી અધિકારીઓને ગેરમાર્ગે દોરી બાંધકામ નિયમિત કરાવી લેવાયું હતું. દસ્તાવેજોની ચકાસણી દરમિયાન મૃતાત્માઓના નામે થયેલી સહીઓ પકડાતા સમગ્ર મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. પોલીસે IPC કલમ 406 (વિશ્વાસઘાત), 420 (ઠગાઈ), 465, 468, 471 (નકલી દસ્તાવેજ બનાવવા) અને 114 હેઠળ ગુનો નોંધી બંને બિલ્ડરોની અટકાયત માટે ચક્રો ગતિમાન કર્યા છે. આ કૌભાંડમાં કચેરીના અંદરના ભેદુઓની સંડોવણી હોવાની પણ પ્રબળ આશંકા છે. ગ્રાહકોના પરસેવાની કમાણી પર ખેલ ખેલનારા આ બિલ્ડરો સામે કડક કાર્યવાહીની માંગ ઉઠી છે.

**બિલ્ડર લોબીની નિર્લજ્જતાની હદ વટાવી દેતી ઘટના મંજુસરમાં સામે આવી છે. શીવદર્શન ડુપ્લેક્સમાં નિયમ વિરુદ્ધના બાંધકામને નિયમિત કરાવવા માટે બિલ્ડર નિકુંજ સાપરા અને ભરત હિરપરાએ મરેલા વ્યક્તિઓને પણ જીવતા કરી દીધા! આ ઠગબાજોએ મૃતકો અને વિદેશ સ્થિત રહીશોની બોગસ સહીઓ કરી ખોટા સોગંદનામા VUDA કચેરીમાં રજૂ કર્યા હતા. પોતાની પાપલીલા છુપાવવા આચરવામાં આવેલા આ જઘન્ય વિશ્વાસઘાત મામલે મંજુસર પોલીસે ઠગાઈ અને છેતરપિંડીની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. રિપોર્ટ :શૈલેષભાઈ શાહ**

# ડેસરમાં બાળ લગ્ન નાબૂદી જાગૃતિ રથનું પ્રસ્થાન: આયોગના ચેરમેન હાજર

**દૈનિક પલ્સ સમાચાર:** ડેસર તાલુકામાં બાળ લગ્ન જેવી સામાજિક બદીને જડમૂળમાંથી નાબૂદ કરવાના ઉમદા હેતુ સાથે એમ. કે. શાહ હાઈસ્કૂલ ખાતે વિશેષ જાગૃતિ રથનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું છે. આ પ્રસંગે બાળ સુરક્ષા આયોગ ગાંધીનગરના ચેરમેન શ્રી ધર્મિષ્ઠાબેન ગજ્જર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઉપસ્થિત બાળકો અને ગ્રામજનોને સંબોધતા જણાવ્યું હતું કે બાળ લગ્ન એ બાળકના વિકાસમાં અવરોધક છે, તેથી દરેક બાળકે શિક્ષણ મેળવી આત્મનિર્ભર બનવું જોઈએ. કાર્યક્રમમાં ઉપસ્થિત જજ વિશાલભાઈ ગઢવીએ કાયદાકીય સમજ આપતા 'પોસ્કો' કાયદા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ડૉન બોસ્કો કપડવંજના નિયામક ફા. પ્રતાપ ડામોર દ્વારા શાબ્દિક સ્વાગત કરાયું હતું, જ્યારે અમિતભાઈ DCPu એ બાળ સુરક્ષા વિશે પ્રવચન આપ્યું હતું. ડેસર ગામના સરપંચ, માજી સરપંચ, આચાર્ય, પોલીસ સ્ટાફ અને આંગણવાડી કાર્યકરો સહિત કુલ ૩૭૫ લોકોએ આ જાગૃતિ અભિયાનમાં ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે તમામ લોકોએ બાળ લગ્ન નાબૂદી માટે સહી ઝુંબેશમાં જોડાઈ શપથ લીધા હતા. ત્યારબાદ ચેરમેનશ્રીએ રથને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ રથ ડેસર ગામમાં રેલી સ્વરૂપે ભ્રમણ કર્યા બાદ ડુંગરીપુરા, હિંમતપુરા અને વાઘપુરા જેવા ગ્રામ્ય વિસ્તારોમાં જઈ ગ્રામીણ જનતાને બાળ લગ્ન વિરુદ્ધ જાગૃત કરશે.

**રિપોર્ટ : મહેન્દ્ર સોલંકી**




**વડોદરાના ડેસર તાલુકાની એમ. કે. શાહ હાઈસ્કૂલ ખાતેથી 'બાળ લગ્ન નાબૂદી જાગૃતિ રથ' ને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. બાળ સુરક્ષા આયોગના ચેરમેન ધર્મિષ્ઠાબેન ગજ્જર અને જજ વિશાલભાઈ ગઢવીએ બાળકોને બાળ લગ્ન છોડી ભણતર તરફ વળવા પ્રેરણા આપી હતી.**